# સદભાવના પર્વ (મહુવા, ફેબ્રુઆરી-2009) – મૃગેશ શાહ

છેલ્લાં થોડાં વર્ષોમાં મહદઅંશે ગુજરાતમાં અને કેટલેક અંશે સમગ્ર ભારતમાં જોવા મળેલા સાંપ્રદાયિક તનાવ અને અસહિષ્ણુતા કોઈ સામાન્ય નાગરિકને પણ ચિંતા ઉપજાવે તેવા હતા. એનાથી બિનસાંપ્રદાયિકતાના ખ્યાલ અંગેના કેટલાક પાયાના પ્રશ્નો પણ ઊભા થયાં. આ માહોલમાં વ્યક્તિ, સમાજ, રાજ્ય અને ધર્મસંસ્થાઓ પોતાપોતાનું દાયિત્વ યોગ્ય રીતે નિભાવે એ અનિવાર્ય બની રહ્યું. આ સંદર્ભમાં બિનસાંપ્રદાયિકતા, ધર્મનિરપેક્ષતા તથા સર્વધર્મસમભાવ જેવા ખ્યાલોની વૈચારિક સફાઈ થાય અને તે આધારિત આનુષંગિક પગલાં લેવાય તે આશયથી આજથી દોઢેક વર્ષ પહેલાં કેટલાક બૌદ્ધિકો અને કર્મશીલોના જૂથે વિચાર-વિમર્શ શરૂ કરેલો.

તેમની આરંભની બેઠકો અને ગયા ઉનાળામાં, કૈલાસ ગુરુકૂળ ખાતે, મહુવામાં 'વિશ્વગ્રામ' સાથે આયોજિત ચિંતનશિબિરમાં થયેલી વિચાર ગોષ્ઠિ ખૂબ જ ફળદાયી અને ઉપયોગી રહી. એના નિચોડ રૂપે 'સદભાવના ફોરમ' ની રચના થઈ. સદભાવના ફોરમ એક લચીલું ફોરમ છે જેનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં સંવાદ દ્વારા સંવાદિતાનું વાતાવરણ રચવાનો છે. સદભાવના ફોરમ એ જાણે કે સૌનો સહિયારો પુરુષાર્થ છે. આ વિચારો વિશાળ ફલક પર ગોઠવાય અને સમાજના વ્યાપક હિસ્સાને સ્પર્શે એ માટે એક 'સદભાવના પર્વ' યોજવાનું નક્કી કરવામાં આવ્યું અને તેના પરિણામે આ 'સદભાવના પર્વ' પૂ. મોરારિબાપુના સાનિધ્યમાં મહુવા ખાતે તા. 25 થી 27 ફેબ્રુઆરી, 2009 દરમ્યાન યોજાયું જેમાં મને પણ ઉપસ્થિત રહેવાનું સદભાગ્ય મળ્યું. આ સંદર્ભે જે જે વક્તાઓ પાસેથી જે કંઈ પણ જાણવા-સમજવા મળ્યું તેનો સારાંશ, વક્તાઓની જ બોલીમાં અહીં રજૂ કરવા પ્રયાસ કરું છું. આશા છે કે અહિંસા, સર્વધર્મ સમભાવ અને પરસ્પર પ્રેમમય વાતાવરણ સર્જવા માટે આ ચિંતન આપણને સૌને ઉપયોગી થઈ રહેશે.

### [પ્રથમ દિવસ : પ્રથમ બેઠક]

પ્રથમ દિવસની પહેલી બેઠકની શરૂઆત સવારે નવ વાગ્યે થઈ હતી જેનો પ્રારંભ વિભાબેન અને શ્રી રાસબિહારીભાઈના મંગલગાનથી થયો હતો. આ બેઠકનું સંચાલન શ્રી રતિલાલ બોરીસાગરે કર્યું હતું. 'ગાંધીની અહિંસા અને ગાંધીની સર્વધર્મ સમભાવનાની વિભાવના' વિશે પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં આદરણીય શ્રી નારાયણભાઈ દેસાઈએ કહ્યું હતું કે : 'રેંટિયા બારસ અહિંસા દિવસ તરીકે વિશ્વભરમાં ઓળખાઈ. આ સત્ય અને અહિંસા વિશે ગાંધીજીએ સ્પષ્ટ કહેલું જ છે કે એ બંને અનાદિકાળથી ચાલ્યા આવે છે. એમાં કોઈ નવી વાત નથી. પરંતુ મને લાગે છે કે ગાંધીની પહેલાં અહિંસા તો હતી પરંતુ એનો અર્થ 'પેસીવ' હતો. ગાંધીજીએ અહિંસાનો 'એક્ટિવ' અર્થ કર્યો. કોઈને ઈજા ન પહોંચાડવી, દુ:ખ ન આપવું, કતલ ન કરવી – વગેરે અહિંસાના સર્વસામાન્ય અર્થ હતાં; પરંતુ ગાંધીજીએ તેને વ્યાપક કર્યા. એમને લાગ્યું કે અહિંસામાં જબરજસ્ત તાકાત છે જે વ્યક્તિ અને સમાજના પરિવર્તનમાં ઉપયોગી થઈ શકે.'

'ગાંધી પહેલા અને પછીની અહિંસામાં જો બીજો ફરક જોઈએ તો – અહિંસા એ વ્યક્તિગત ગુણ હતો જેને ગાંધીજીએ સામાજિક મૂલ્ય તરીકે પ્રસ્થાપિત કર્યો. સત્યાગ્રહ દ્વારા એમણે તે કરી બતાવ્યું. સત્યાગ્રહને તેમણે સત્ય-પ્રેમ-આત્માની શક્તિ કહી. એ સત્યાગ્રહમાં રહેલી અહિંસાની તાકાત + સામાજીક ગુણ = ગાંધીની અહિંસા. ગાંધીજીએ અહિંસાને સક્રિય કરીને મૂલ્યમાં ફેરવી.'

'આ અહિંસાના ગાંધીજીના જીવનમાં ચાર જુદા-જુદા સ્વરૂપો દેખાય છે. એમણે તો કહ્યું જ છે કે સત્ય શોધતા મને અહિંસા જડી છે. (1) અહિંસાનું એમના જીવનમાં પહેલું સ્વરૂપ એટલે પેલો "ચોરી અને પ્રાયશ્ચિત'નું પ્રકરણ. સોનાના કડાની ચોરી કરે છે પણ કબૂલાત કરવાની હિંમત ચાલતી નથી. બોલવાની હિંમત ગાંધીજીમાં 24 વર્ષ પછી આવી, બાકી તેઓ લખીને કબૂલાત કરતા. પિતાને પત્ર લખીને ધ્રૂજતા હાથે ડરતાં-ડરતાં આપે છે અને પિતા માંદગીને કારણે ધ્રૂજતા હાથે વાંચે છે. એકને ભયને લીધે ધ્રૂજારી છે; બીજાને માંદગીને કારણે તે છે. પિતા વાંચતા વાંચતા રડી પડ્યા પરંતુ એક પણ શબ્દ બોલ્યા નહીં. ચિઠ્ઠી ફાડીને સૂઈ ગયા. આ સમયે ગાંધીજીને અહિંસાનું એક તત્વ લાધ્યું કે એકની વેદના બીજા સુધી વગર શબ્દે પણ પહોંચી શકે છે કારણ કે બંનેમાં આત્મા રહેલો છે. (2) 13 વર્ષની ઉંમરે લગ્ન પછી 'ધણીપણું' નામનો પ્રસંગ આવે છે જેમાં તેઓ કસ્તૂરબાને કહેતા કે મને પૂછ્યા વિના બહાર જવાય નહીં. બધા કામ મને પૂછીને જ કરવા. કસ્તૂરબાએ તેમની એક પણ વાતનો પ્રતિવાદ ન કર્યો, દલીલ ન કરી પણ એ સાથે એમણે ગાંધીજીની એક પણ વાત કબૂલ પણ ન કરી. એ જ હતું અહિંસાનું બીજું સ્વરૂપ જેને ગાંધીજીએ 'સવિનય કાનૂનભંગ' કહ્યું. (3) ત્રીજો પ્રસંગ પેલો ટ્રેનમાંથી ધક્કો મરાયો તે. ગાડીમાંથી ધક્કો મરાતાં પ્લેટફોર્મ પર પડેલો ગાંધી એક હતો જ્યારે એમાંથી ઊભો થયેલો ગાંધી બીજો હતો. માણસ દ્વિજ થઈ ગયો. જે એમ વિચારીને પરદેશ ગયો હતો કે 105 પાઉન્ડ મારા કુટુંબ માટે વાપરીશ, એને પડતાની સાથે એ વિચાર આવ્યો કે આ મારા જેવું અપમાન બધાનું થતું હશે ? ક્ષણેક માટે એમને થયું કે ફરિયાદ કરું ? પરંતુ થોડું વિચારતા સમજાયું કે બદલો લેવામાં કોઈ અર્થ નથી. એમને પૃથ્થકરણ કરતાં લાગ્યું કે દોષ વ્યક્તિમાં નહીં, વ્યવસ્થામાં છે – આ અહિંસાનું વિરાટ ત્રીજું પગલું. એમને આ પ્રસંગમાં અહિંસાના અનેક પાસાઓ દેખાયા. (4) ચોથો પ્રસંગ એ પેલા વકીલ ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તી ધર્મ અંગિકાર કરવા માટે દબાણ કરે છે તે. એ સમયે ગાંધીજીએ છ જણને પત્ર લખ્યા. એ છ વ્યક્તિમાંના એક એટલે શ્રીમદ રાજચંદ્ર. એમણે શ્રીમદ રાજચંદ્રને 27 પ્રશ્નો પૂછ્યા. એ ઘટનામાં ગાંધીજીને 'અનાસક્તિ'ના સ્વરૂપનું દર્શન થયું. શ્રીમદ રાજચંદ્રે તો સ્પષ્ટ જવાબ આપ્યો કે : "ધર્મનો વિચાર તમારે પોતે જ કરવો જોઈએ. કોઈની સલાહ લઈને ધર્મનો વિચાર ન કરાય. અંતરમાં સૂઝે તે માનજો પરંતુ સ્વીકારતા પહેલા તમારા ધર્મના પુસ્તકો વાંચી લેજો." એ બધી ઘટનાઓમાં ગાંધીજીને લાગ્યું કે સત્ય જે મને એક સ્વરૂપે દેખાય છે તે બીજાને બીજા સ્વરૂપે પણ દેખાઈ શકે. દર્શનની દષ્ટિએ અહિંસાનો જન્મ આમાંથી થયો.'

'અગાઉ વાત કરી તેમ ગાંધીજીએ અહિંસાને સામાજિક મૂલ્ય તરીકે પ્રતિષ્ઠિત કર્યું. ગાંધીજીના અગિયાર વ્રત પણ સામાજિક મૂલ્ય હતા, નહિ કે વ્યક્તિગત ગુણ. એમણે હિંદની સમગ્ર પ્રજામાં ચેતનાનો સંચાર કર્યો. આ માટે તેમણે ચળવળની વ્યૂહરચના એવી રાખી કે દર દસ વર્ષે મોટું આંદોલન જેમ કે નમકનો કાયદો, ભારત છોડો આંદોલન… વગેરે. અને બે મોટા આંદોલન વચ્ચે નાના-નાના અનેક આંદોલનો. પરંતુ જોવાની વાત એ છે કે બધા મોટા આંદોલનો નિષ્ફળ અને તમામ નાના આંદોલનો સફળ ! એમણે નાના-નાના ઉદ્દેશોથી આખા

દેશને એક તારે જોડ્યો – એવી મોટી એમની સ્ટ્રેટેજી હતી. વળી, દરેક આંદોલન સાથે રચનાત્મક કાર્યક્રમ જેવા કે અસ્પૃશ્યતા નિવારણ, સાક્ષરતા વગેરે.. તો ખરું જ. આ રીતે એમનો સામાજિક મૂલ્ય તરફ વધારે ઝોક હતો.' છેલ્લે વર્તમાન સંદર્ભમાં અહિંસાની વાત કરતાં શ્રી નારાયણભાઈએ જણાવ્યું હતું કે 'દુનિયામાં હિંસાથી કામ નથી થતા. હિંસાની નિષ્ફળતા જેટલી પૂરવાર થઈ છે એટલી અહિંસાની સફળતા પૂરવાર થઈ નથી. એ જેટલી થશે એટલી અહિંસા વધુ ચાલશે. આતંકવાદને નિષ્ફળ કરવાનો જવાબ એક જ છે કે આપણે અભયને કેટલું સફળ કરી શકીએ છીએ. ડરતા રહીશું તો આતંકવાદને સફળ કરતાં જઈશું. નિર્ભયતા સિવાય એનો બીજો કોઈ જવાબ ન હોઈ શકે. સરકાર પગલાં લે એ તો સારું, પણ નાગરિક તરીકેની આપણી ફરજ એટલે સામુહિક નિર્ભયતાનું પ્રદર્શન.'

આ પ્રથમ બેઠકના બીજા વક્તા એટલે દાદા ધર્માધિકારીના સુપુત્ર શ્રી ચંદ્રશેખર ધર્માધિકારી. મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ રહી ચૂકેલા શ્રી ધર્માધિકારીજીએ વાતની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે : 'અહિંસા અને સર્વધર્મસમભાવ બંને એક જ છે. સત્ય, ઈશ્વર, નીતિ – એ બધા જ ધર્મોના શાશ્વત મૂલ્યો છે અને એ મૂલ્યો બધે જ સમાન છે. કોઈ ધર્મ એની વિરુદ્ધ નથી. એ શાશ્વત મૂલ્યો સમજવાની જગ્યાએ લોકો કર્મકાંડને વધારે મહત્વ આપે છે જેના વિરોધમાં ગાંધીજીએ ઘણું કામ કર્યું. દુનિયામાં તો જાણે કર્મકાંડ જ ધર્મ બની ગયો ! બધા જ ધર્મોના શાશ્વત મૂલ્યોને જ હું તો અધ્યાત્મ માનું છું. ગાંધીજીએ ધર્માધિકારીઓ, મૌલવીઓ અને પાદરીઓથી ધર્મને મુક્તિ અપાવી કારણ કે એમણે માન્યું કે આ બધા ધર્મોના દલાલો છે. ગ્રાહક અને ઉત્પાદક વચ્ચે જેમ દલાલ હોય તેમ ઈશ્વર અને ભક્ત વચ્ચેના દલાલ એટલે આ બધા કહેવાતા ધાર્મિક નેતાઓ ! ધર્મના નામે દુનિયામાં જેટલી હિંસા થઈ છે એટલી કદાચ કોઈના નામે નથી થઈ.'

તેમણે વાતનો પ્રવાહ આગળ ચલાવતા કહ્યું કે 'ખ્રિસ્તી ધર્મ શાંતિની વાત કરે છે પણ દુનિયામાં સૌથી વધારે યુદ્ધો ખ્રિસ્તીઓએ કર્યા. હિન્દુ ધર્મ દેવીપૂજક છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેવીના જૂદા જૂદા સ્વરૂપ પૂજાય છે પરંતુ હિન્દુધર્મમાં જ સ્ત્રીઓ પર સૌથી વધારે અત્યાચાર થયા, બુદ્ધ ધર્મ મૂર્તિ વિરોધી છે પરંતુ દુનિયામાં સૌથી વધારે મૂર્તિઓ બુદ્ધ ભગવાનની બની છે ! જૈનધર્મમાં સાધુ ઓછામાં ઓછાં વસ્ત્રો પહેરે પણ એ ધર્મના મંદિરો વૈભવશાળી ! ધર્મ જ્યારે આવી વિસંગતીઓથી ચાલે છે ત્યારે સર્વધર્મ સમભાવ સમજાતો નથી. હિન્દુધર્મમાં તો પાછી અનેક જાતિઓ ! ધર્મ શું જાતિમાં પુરાઈ રહેશે ? ડૉ. આંબેડકરે સરસ કહ્યું હતું કે હિન્દુધર્મ ચાર માળનો ફ્લેટ છે. જે જ્યાં જે જાતિમાં જન્મ લે છે ત્યાં જ અવસાન પામે છે. તે એક માળથી બીજે માળે લટાર મારવા પણ જતો નથી કારણ કે એક માળથી બીજે માળ જવા દાદર જ નથી ! જેમાં જાતિવાદ હોય, અસ્પૃશ્યતા હોય, ઊંચનીંચના ભેદભાવ હોય એમાં એક માણસને બીજા પ્રત્યે આદર રહે ખરો ? અને જો એક જ ધર્મમાં માણસને બીજા પ્રત્યે આદર રહેતો ન હોય તો તો પછી બીજા ધર્મ પ્રત્યે સમભાવની વૃત્તિ કેવી રીતે થઈ શકે ?'

'હવે તો મંદિર પણ ભગવાનના નામે ઓછા અને વ્યક્તિના નામે વધારે ઓળખાય છે ! હું દિલ્હી ગયો તો મેં રિક્ષાવાળાને કહ્યું કે ભાઈ મને લક્ષ્મી-નારાયણ મંદિર લઈ જા. એ ચોંક્યો ! મને કહે કે તમે કોઈ ગામડેથી આવ્યા છો કે શું ? અહીંયા તો એ નામનું કોઈ મંદિર જ નથી. પછી મેં એને નકશો બતાવ્યો – તો એ કહે કે સાહેબ, 'બિરલા મંદિર' એમ સીધું બોલો ને ! કેવું ગજબ છે !! દિલ્હીમાં લક્ષ્મી-નારાયણ પણ બિરલાને નામે

ઓળખાય છે. આજે ધર્મ અનેક જાતિ-ઉપજાતિઓમાં અટવાયો છે. ગાંધીજીએ આ જાતિવાદને સમાપ્ત કરવા જ કમર કસી. મેં મારી પર કોઈ જાતિનું લેબલ લગાવ્યું નથી. બ્રાહ્મણ હોવા છતાં જનોઈ નથી લીધી; લગ્ન પણ જાણીજોઈને રજિસ્ટર કર્યા. કોઈ વિધિઓમાં હું નથી પડ્યો. ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું હતું કે લગ્નમાં એક પક્ષ હરિજન નહીં હોય તો હું લગ્નમાં નહીં જઉં અને તેથી એ પોતાના પ્રિય એવા મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણભાઈ દેસાઈના લગ્નમાં પણ નહોતા ગયા. જાતિ અને સંપ્રદાયોમાંથી ધર્મ બહાર નીકળીને એક નહીં બને તો શું ધર્મ ઉપયોગી રહેશે ખરો ?'

'ચરખો, ઝાડુ અને સામુદાયિક પ્રાર્થના એ ગાંધીજીના ત્રણ પ્રતિકો છે. એમણે રાષ્ટ્રને ઝંડો-ઝાડુ અને ઝોળી આપ્યા. ઝંડો રાષ્ટ્રપ્રેમનું પ્રતિક અને ઝાડુ જાતિવાદ સમાપ્ત કરવાનું પ્રતિક. ત્રીજું, સામુદાયિક પ્રાર્થના એટલા માટે કે સૌ એકબીજાની ભલાઈ માટે પ્રાર્થના કરે. હિન્દુ મુસલમાન માટે, ગુજરાત મહારાષ્ટ્ર માટે એમ પરસ્પર પ્રેમભાવ સર્જાય. 'રાષ્ટ્ર' શબ્દનો અર્થ જ એ છે કે ભૂમિનો એવો ભાગ કે જ્યાં લોકો એકબીજા સાથે રોજ પ્રેમથી જીવવાનો સંકલ્પ કરે. એટલે જ ગાંધીજી રાષ્ટ્રપિતા કહેવાયા, ભારતપિતા નહીં ! ગાંધીજીનું કાર્ય ફક્ત સ્વરાજ્યનું ન હતું, પણ એમનું કામ એક સામાન્ય માણસના મનમાં પરિવર્તનની વિચારધારાને જન્માવવાનું હતું. શરૂઆતમાં તો એમને લાગ્યું કે ઈશ્વર સત્ય છે પણ પછી એમને ચિંતન કરતાં જણાયું કે 33 કરોડ દેવતાઓ હોય તો કંઈ સત્ય 33 કરોડ ન હોય. સત્ય તો એક જ હોય. ત્યારે એમને સમજાયું કે હકીકતે સત્ય જ ઈશ્વર છે અને એ સમયે એમના મનમાં સદભાવનાની વિચારધારાનો જન્મ થયો. ગાંધીજીને મન બધા જ ધર્મો સમાન હતા. ધર્માંતરને એમણે કદી સ્વીકાર્યું નહોતું. અને આ ધર્માંતરની વ્યાખ્યા પણ ગજબ છે ! આપણા ધર્મમાંથી કોઈ બહાર જાય તો આપણે એને ધર્માંતર કહીએ છીએ અને બીજા કોઈ ધર્મમાંથી વ્યક્તિ આપણા ધર્મમાં આવે તો એને આપણે 'સુધરી ગયા' એમ કહીએ છીએ. જરાક આપણી માનસિકતા તો જુઓ ! પંચમહાલમાં જૈનોએ સૌથી વધારે ધર્માંતર કરાવ્યા, એમ કહીને કે એ લોકોને અમારો શાકાહાર અને અહિંસા પસંદ આવ્યા. હકીકતે એમ નહોતું. એ બધો ગરીબી અને ખરીદ-વેચાણનો મામલો હતો. ગાંધીજીએ કહ્યું હતું કે સાચા ધર્મની શરૂઆત કરવી હોય તો એક જ જાતિમાં વિવાહ બંધ કરો. જાતિવાદને સમાપ્ત કરો. પણ આપણે એ ક્યાં સ્વીકારવું છે ? એમ થાય તો કેટલાંકની ધર્મના નામે દુકાનો ચાલે છે એ બંધ થઈ જાય; તેથી દલાલો બધાને એક થવા દેતા નથી.'

આતંકવાદ વિશે વાત કરતાં શ્રી ધર્માધિકારીજીએ જણાવ્યું હતું કે : 'દરેક જણ પોતાના હૃદય પર હાથ મૂકીને વિચારો કે શું આપણા હૃદયના એક ખૂણામાં ધર્મના નામે કટ્ટરતા નથી ? ખલિલ જિબ્રાને સરસ કહ્યું છે કે ઝાડનું કોઈ પણ પાનું તૂટીને નીચે નથી પડતું જ્યાં સુધી સમગ્ર ઝાડની એમાં મુક સંમતિ ન હોય. આપણી મૂક સંમતિ વિના આ દેશમાં એક પણ આતંકવાદ પેદા ન થઈ શકે. શું એમાં આપણો હિસ્સો નથી ? શું આપણે નાને પાયે ઘરના લોકોને આતંકિત નથી કરતાં ? મને પંજાબની એક છોકરીનો કિસ્સો યાદ આવે છે. એના પપ્પા એ છોકરીને કાયમ કહેતા કે તારી મમ્મી તો રસોઈઘરની મહારાણી છે. એક દિવસ એ છોકરીને થયું કે લાવ હું રસોડામાં જઈને જોઉં કે મમ્મી મહારાણી કેવી રીતે છે. ત્યાં જઈને એણે જોયું કે રસોઈઘરના તમામ વાસણો, ચમચી સુદ્ધાં પર એના પિતાનું નામ લખેલું હતું. કોઈ જગ્યાએ મમ્મીનું નામ નહીં. અને તોય એને બધા મહારાણી કહે ? સમાજમાં 'મહારાણી' શબ્દ વાપરીને જ 'ગુલામી' કરાવવામાં આવતી હોય છે. સ્વામી વિવેકાનંદે

પણ કહ્યું હતું કે ધર્મ શું રસોઈઘરના વાસણો પર નામ લખીને રાખશો ? ધર્મની બુનિયાદ શું છે ?' સમાપનમાં શ્રી ચંદ્રશેખરજીએ કહ્યું હતું કે 'ધર્મના મૂળ વિશે વિચારો. જ્યાં સુધી એ નહીં વિચારો ત્યાં સુધી ગાંધી સમજાવા મુશ્કેલ છે. જે લોકો 'લકીરના ફકીર' હશે એ ગાંધીને નહીં સમજી શકે. પરીક્ષાના દિવસોમાં મંદિરો ઊભરાય એ ધર્મ છે કે પલાયનવાદ છે એ હવે નક્કી તમારે કરવાનું.'

## [પ્રથમ દિવસ : બીજી બેઠક]

સાંજની બીજી બેઠકનો વિષય હતો : 'સદભાવના અને સાહિત્ય', જેમાં સૌપ્રથમ સાહિત્યકાર અને ઈતિહાસવિદ એવા શ્રી નરોત્તમભાઈ પલાણે પોતાની નવલકથા 'હૂ હૂ' વિશે વાત કરી હતી. આ નવલકથાની ભૂમિકા વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે : 'આ નવલકથા લખવાની પ્રેરણા મને સમાજમાં થયેલા કોમી રમખાણોમાંથી મળી. આપણે ત્યાં થોડા વર્ષો અગાઉ હિન્દુ-મુસ્લિમ એવા કોઈ ભેદભાવ હતા જ નહીં. કોઈને નામનો અર્થ પણ ખબર નહોતી. ગામડામાં લોકો 'અબ્દુલ'ભાઈને અબ્દુલચાચા તરીકે જ ઓળખે. હજુ, આજે પણ ગામડાઓમાં એ સદભાવ છે જ. પરંતુ શહેરમાં આપણે મિડિયાને આધારે શ્વાસ લઈએ છીએ. જાણે કે પેપર-ટી.વી. કહે એ જ સર્વસ્વ ! મિડિયામાં જે બતાવાય છે તે ખરેખરા જીવાતા જીવનમાં એમ હોતું નથી. મેં સંશોધન કર્યું છે કે ગુજરાતમાં કુલ 18,000 વસાહતો છે જેમાંથી ફક્ત 12 એકમોમાં જ કોમી રમખાણો થયા છે. કદાચ થોડા વધારે ગણી લઈએ તોય 18,000માંથી ફક્ત 18 એકમોમાં જ રમખાણો થયા એમ ગણાય. પરંતુ એમાં તો મિડિયા વાતને એવી ચગાવશે કે આખું ગુજરાત ભડકે બળે છે ! અલ્યા ભાઈ, આટલામાં આખું ગુજરાત આવી ગયું ? શહેરોમાં સત્તા અને સ્વાર્થ પ્રધાન છે એટલે ત્યાં જ એ બધું છે. ગામડાઓમાં આંતરિક સંબધો યથાવત રહે છે. દુ:ખ એ વાતનું છે કે આપણે સામાજિક સંવાદની ઘટનાઓ ઉપર ફોકસ નથી કરતા.'

વધુમાં તેમણે જણાવ્યું હતું કે : 'આ સૌરાષ્ટ્રના દરિયાકિનારે એવા અનેક સદભાવના સ્થાનો જોવા મળશે. કોડિનાર પાસે 'વેલણ' કરીને ગામ છે. ત્યાં જો બહારગામનું કોઈ કુટુંબ પીરને ચાદર ચઢાવવા આવે તો ત્યાંનો મુંજાવર એમ કહે છે કે સામે રહેલા માતાજીના મંદિરે નાળિયેર વધેરો તો જ પીરને ચાદર ચઢશે. વળી, માતાજીના મંદિરમાં કોઈ હિન્દુ કુટુંબ શ્રીફળ વધેરવા આવે તો પૂજારી એમ કહેશે કે સામેના પીરને મલિદો ચઢાવો તો જ માતાજી પ્રસન્ન થશે – એવી આ ગામની પ્રથા છે. ગામ સાવ અભણ છે અને મજૂરી કરનારા લોકો વસે છે પણ એમની સમજ તો જુઓ ! હૂ હૂ માં વિખવાદ દૂર કરીને સંવાદ સ્થાપવાની વાત છે. હૂ હૂ એ મૂળમાં સોરઠી શબ્દ છે જેનો અર્થ થાય છે દરિયાઈ તુફાન. દરિયામાં તોફાન આવે તો એના મોજાં ઉછળીને કાંઠાના વિસ્તારો સુધી પહોંચી જાય, લોકોની ખેતી બગાડે, બાગ-બગીચા બગડે. એમ આ કોમી વિખવાદ એ હૂ હૂ જેવો છે જેમાં કોઈ સલામત રહેતું નથી. આ નવલકથાના નાયક રામ અને રાજુ બંને ગિરનારની પરિક્રમમાં નીકળ્યા છે. પરિક્રમમાં બે સ્થળો એવા આવે છે જ્યાં બધાને પ્રેમથી ખિચડી અપાય છે; ભલે ને એ કોઈ પણ કોમજ્ઞાતિના કેમ ન હોય. બંને નાયક ખિચડી ખાઈને ત્યાં રાતવાસો કરે છે. રાજુને નવાઈ લાગે છે કે મંદિરમાં મુસલમાન પણ રાતવાસો કરી શકે ? એને થાય છે કે કાશ એવી એકાદ મસ્જિદ પણ હોય કે મુસલમાન સાથે હિન્દુ પણ રાતવાસો કરી શકે.'

'જામનગરના એક મંદિરમાં આજે પણ કોઈ મૂર્તિ નથી, ત્યાં કુરાન અને ગીતા સાથે પૂજાય છે – પરંતુ મિડિયાનું ધ્યાન ત્યાં જતું નથી. સમાજ તો હકીકતે સંપથી જ જીવતો હોય છે. સ્વામી પ્રાણનાથ અને નાનકે તો હજ પણ પઢી. હિન્દુ સાધુ હોવા છતાં આજે પણ પ્રણામી સંપ્રદાયનો ચુસ્ત અનુયાયી અવસાન પામે તો એના મોઢામાં ઝમઝમના કૂવાનું પાણી અને જમુનાજીનું જળ – એમ બંને એક સાથે મૂકવામાં આવે છે. બતાવો કોઈ મિડિયાએ આની નોંધ લીધી હોય તો ! સૌરાષ્ટ્રમાં તો વળી ક્યાંય ભેદભાવ નથી. જૂનાગઢમાં મુસલમાનો પણ ચાંલ્લો કરતા. કેટલાક મંદિરોમાં શીતળામાતાની પૂજા કરતાં મુસ્લિમોને મેં જોયા છે. એમને મળો તો એ કહેશે કે આ તો અમારી પરંપરા છે, ભલે ને ધર્મ ગમે તે હોય. જૂનાગઢના નવાબે ગાયો પણ રાખેલી અને એમની એક ગાયને તો પશુમેળામાં એવોર્ડ મળેલો. હું પોતે સૌરાષ્ટ્રનો 1000 કિ.મીનો દરિયાકિનારો પગે ચાલીને ફર્યો છું. મેં અનેક સંવાદોના સુમધુર પ્રસંગો જોયા છે. ક્યાંય કોઈ વિસંવાદિતતા છે જ નહિ. હા, મધ્યકાળમાં શૌચની પ્રથાએ થોડી ગરબડ ઊભી કરી. જે કેવળ સ્વચ્છતા માટે હતું એણે આભડછેટનું વૃક્ષ પેદા કર્યું. સૌરાષ્ટ્રના 800 વર્ષના શાસનકાળ દરમિયાન કટ્ટરતાના માત્ર બે દાખલા નોંધાયા છે; ફક્ત બે. સૌરાષ્ટ્રનો એવો મોટો આધ્યાત્મિક પ્રભાવ છે કે અહીં કટ્ટરતા ચાલતી નથી અને પ્રજા સમરસ થઈને જીવે છે.'

'મેં તો આવો સમાજ વર્ષોથી જોયો છે. પણ જ્યારે હું અમદાવાદ ગયો ત્યારે સ્તબ્ધ થઈ ગયો. મેં જોયું કે ફલાણા વિસ્તારમાં હિન્દુઓથી ના નીકળાય કારણ કે એ મુસલમાનોનો વિસ્તાર છે અને ફલાણા વિસ્તારમાં મુસલમાનોથી ના નીકળાય કારણ કે તે હિન્દુઓનો વિસ્તાર છે ! આ કેવી વાત ! લોકોએ જાણે ગઢ બનાવ્યા છે ! એટલે જ મેં કહ્યું કે શહેરોમાં આખું ચિત્ર જુદું છે. ગામડાઓમાં તેમ નથી. અને તેમાંય સૌરાષ્ટ્ર તો ભાવનાનો પ્રદેશ છે. કોઈ કહે કે આને ભગવાન મનાય ? તો કહેશે કે હા, ચોક્કસ; એને પણ ભગવાન મનાય. ભગવાન જ પૂજ્ય નહીં, તું પણ પૂજ્ય ! એવી વિશાળ દિલની ભાવનાથી માણસો અહીં જીવે છે. જૂનાગઢમાં જુઓ ગિરનાર દરવાજાથી તળેટી સુધીના રોડ પર એક પણ મુસલમાન દરગાહ નહીં. 400 વર્ષનું નવાબનું શાસન છતાં એ જગ્યા પર માત્ર હિંદુઓ જ અને ગિરનાર દરવાજાથી દાતાર સુધીના રોડ પર મુસલમાનના ધર્મસ્થાનો. ત્યાં હિંદુઓનું એકપણ ધર્મસ્થળ ન મળે. બધા બરાબર સંપીને રહ્યા છે. જૂનાગઢના સિક્કામાં એક બાજુ નવાબ અને બીજી બાજુ નાગર દિવાનના ફોટા. રાજા કહે કે રાજ ભલે મારું છે પણ ચલાવે છે તો આ દિવાનો. બીજી એક વાત મને કદાચ એ પણ લાગે છે કે જેટલો કોમી એખલાસ માટે હિન્દુધર્મના સંતોએ પ્રયત્ન કર્યો છે એટલો અન્ય ધર્મોના માણસો તરફથી થયો નથી. દરેક ધર્મના લોકો ખુમારી ઉતારી સમરસ બનીને જીવે એ જ જીવનનો સંદેશ છે. નવલકથાનો અંત એ તરફ અંગુલિનિર્દેશ કરે છે. અંતે એટલું જ કહીશ કે આપણે ત્યાં તો હિંદુ મુસલમાન શું – જીવ-શિવના પણ ભેદ નથી. આખરે સમરસતા જ મુખ્ય વસ્તુ છે.'

શ્રી નરોત્તમભાઈના વક્તવ્યબાદ જાણીતા સાહિત્યકાર અને કર્મશીલ સુશ્રી શરીફાબેન વીજળીવાળાએ મંઝુર અહેતેશામની 'સુખા બર્ગદ' નવલકથા વિશે વાત કરી હતી. તેમણે વાતનો આરંભ કરતાં કહ્યું હતું કે : 'મારે નવલકથા વિશે બોલવનું છે પણ એ પહેલા હું થોડી ભૂમિકા બાંધીશ. પલાણદાદાએ આદર્શની દષ્ટિએ સારી લાગે તેવી વાત કરી પરંતુ હું હવે જે વાત કરીશ એ બહુ કડવી લાગે તેવી વાસ્તવની ભૂમિકા પર વાત કરીશ. આપણા રાષ્ટ્રમાં જો તમે હિંદુ બની જાઓ તો પણ સુખી છો, મુસ્લિમ બની જાઓ તો પણ સુખી છો પરંતુ જો તમે માણસ બનવાની વાત કરો તો તમારો ઘાટ ધોબીના કૂતરા જેવો થાય છે. આ નવલકથા મને એટલે જ

વધારે ગમે છે કારણ કે એમાં હું પોતાને નિહાળી શકું છું. મેં આજ સુધી કોઈ ધર્મ સ્વીકાર્યો નથી અને પરિણામે સમાજે મને પણ સ્વીકારી નથી. નવલકથાના નાયકની આ જ પીડા છે.'

આ બાબતે વધુ તેમણે જણાવ્યું હતું કે : 'મુસ્લિમ લોકોની કાયમી મર્યાદા એ છે કે એ લોકો ધર્મને રાજકારણથી છૂટો પાડી શકતા નથી. એમના રાજકારણમાં ધર્મનો સમાવેશ થઈ જાય છે. આપણે એ કેમ ભૂલી જઈએ છીએ કે હિંદુ-મુસ્લિમ બંને કોમ વચ્ચે ધર્મ જુદો છે, પણ સંસ્કૃતિ એક જ છે. બધી સમસ્યાઓનું કારણ એ છે કે આપણે એ ભૂલી ગયા છીએ કે સંસ્કૃતિ બધાની એક છે. ધર્મ તો કોઈ પણ હોઈ શકે. સંસ્કૃતિ હંમેશા ધર્મ કરતાં ચડિયાતી જ હોય. હિંદુ કે મુસ્લિમ હોવું મહત્વનું નથી; હિન્દુસ્તાની હોવું મહત્વનું છે. 1400વર્ષનું બંને પ્રજાનું સહજીવન છે. સમાન રહેણીકરણી, ખાણીપીણી, સંગીત, ભાષા-સાહિત્ય, શિલ્પ-સ્થાપત્ય – બધું જ છે. હિન્દુ મુસ્લીમના બધા જ સ્થાપત્યોનો આપણને ગર્વ છે. એ કળા રાષ્ટ્રની ધરોહર છે. તો પછી આસપાસ આ શું થઈ રહ્યું છે ? કેમ ભૂતકાળની ઘટનાઓ માટે વર્તમાનકાળને સજા કરાઈ રહી છે ? કેમ માણસોને ખાનોમાં વહેંચીને વાત કરાય છે ? આપણે તો લાશોને પણ ધર્મ પ્રમાણે વહેંચતા થઈ ગયા છે. કેમ તમારો અને મારો ધર્મ જોડવાને બદલે તોડવાનું સૌથી મોટું હથિયાર બની ગયો ? દરેકે પોતાની જાતને આ પ્રશ્નો પૂછવા. શું આપણને એક વધારાના મંદિર કે મસ્જિદની જરૂર છે ખરી ? ધર્મ તો અતિ અંગત વસ્તુ છે એને જાહેરમાં કેમ ઉછાળવામાં આવી ? જીવતા માણસની હોળી થાય અને આપણું રુંવાડુંયે ના ફરકે ? ક્યાં સુધી મંદિર અને મસ્જિદને નામે લડીશું ? રાજનેતાઓને તો લડાવવામાં રસ છે. આપણી શ્રદ્ધા અને આસ્થા આટલા તકલાદી કેમ નીકળ્યા ? દુનિયાનો કોઈ ધર્મ હિંસાને પ્રબોધે છે ખરો ? તોય દુનિયામાં એના નામે હિંસા કેમ થઈ ?'

'મઝહબ કરતાં માભોમનું સ્થાન ઉપર જ હોય, એ વાત સમજવા જે તૈયાર ના હોય એણે દેશ છોડીને જવું. વિચારો અને માન્યતાઓની લડાઈ દલીલોથી લડાય, તલવારો અને બંદૂકોથી નહીં. જરાક તો વિચારો કે રોજગાર, ધંધા ગુમાવી બેસનાર વ્યક્તિ મંદિર કે મસ્જિદમાં જશે ખરો ? કેમ ઈતિહાસમાંથી આપણે કોઈ પાઠ નથી લેતા ? ગાંધીના એક જ અવાજે રમખાણો શાંત થઈ જતા, જ્યારે આજના નેતાઓના ભાષણો આગમાં ઘી હોમવાનું કામ કરે છે. તેથી આજે સંસ્કૃતિને સમજવાની સાચી જરૂરિયાત છે – આટલી ભૂમિકા સ્વરૂપે વાત પૂરી કરીને હવે નવલકથાની વાત કરું.'

'સુખા બર્ગદ – લેખક : મંઝુર અહેતેશામ. ભોપાલનો આ લેખક છે અને તેમની આ કૃતિ અતિચર્ચિત છે જે પાક્કા મુસલમાનોની વાત કરે છે. ધર્મ કઈ રીતે સામાજિક સંબંધોમાં ફાટ પડાવે છે એનું આમાં આલેખન છે અને તે સાથે હિંદુ-મુસ્લિમ સમસ્યાને નિર્મમ કહી શકાય તેવા તાટસ્થ્યથી લેખકે આલેખી છે. તે વિભાજન પછીના ભારતની સમસ્યાને આલેખે છે. કૃતિના પાયામાં એક પ્રશ્ન છે કે ધર્મ અને સંસ્કૃતિ એક છે કે જુદા છે ? 1970થી 1980 વચ્ચેના ભારતની આ નવલકથમાં વાત છે. નવલકથાના પાત્ર કથક રશિદા અને તેનો ભાઈ સુહેલની જિંદગીમાં આવતી મુશ્કેલીઓનું અહીં બયાન છે. ઉદારમતવાદીઓને મુસ્લિમ સમાજ સ્વીકારતો નથી અને મુસ્લિમ નામ છે માટે હિન્દુ સમાજ સ્વીકારતો નથી, એની તેમાં વાત છે જે મારી પણ પીડા છે. નાયક પહેલા રાષ્ટ્રવાદી મુસ્લિમ છે અને નવલકથાના અંતે તે કટ્ટરવાદી મુસ્લિમ બને છે. સુહેલ ન તો નમાજ પઢે છે ન તો રોજા રાખે છે. તેનો એક મિત્ર છે જેનું નામ વિજય છે. રશિદાને ભાઈની ચિંતા છે. સમય જતાં તેની સખીઓ

બધી પરણી જાય છે અને રશિદા એકલી પડતી જાય છે. તેની આસપાસ જે બાકી રહ્યા છે એ પણ મઝહબી તાલિમ લઈ રહ્યા છે. મુસ્લિમો એકલા કેમ પડ્યા એનું આ પણ એક કારણ છે કે માત્ર મઝહબી તાલિમને જ મહત્વ આપવું. સામાન્ય પ્રવાહ સાથે મુસ્લિમો ભળી ન શક્યા એની પાછળ બે જણનું પાપ છે : એક તો રાજકારણીઓનું અને બીજા મુલ્લા-મૌલવીઓનું. જો એ લોકો ભણે તો ફતવાઓથી ન દોરાય.'

'રશિદા એકલી રહીને કંટાળે છે; છોકરો શોધે છે પણ એને પાકિસ્તાન લગ્ન નથી કરવા. રેડિયો એનાઉન્સર તરીકે નોકરી સ્વીકારીને એકધારી ઘટમાળમાં જીવન વિતાવે છે. ધીરે ધીરે તે વિજય તરફ ઢળતી જાય છે. આસપાસ ગરીબી અને બેકારી વચ્ચે જીવતા મુસ્લિમોની વાત લેખકે આલેખી છે. સમય જતા બદલાતા જતા ભોપાલનું ચિત્ર લેખકે ઉપસાવ્યું છે. રસ્તા પહોળા થતા જાય છે અને મનુષ્યના દિલ સાંકડા થતા જાય છે. આઝાદી પહેલા બધા સંપીને રહેતા હતા અને આઝાદી બાદ એ જ વાતાવરણમાં કોઈકે સહેજ કંઈક રંગ નાખ્યો અને આખું શહેર કોમી તોફાનોમાં પ્રથમ વાર સળગ્યું. શાંતિનો ભંગ આમ પણ નજીવી બાબતે જ થતો હોય છે ! અગસર નામના કોઈક ધાર્મિકનેતા ભાઈ સુહેલના મગજમાં વારંવાર હિંદુ વિરોધી વાતો નાખ્યા કરે છે. સુહેલના પિતાને આ ગમતું નથી. એ કોઈ કોમનો વિરોધ કરવામાં માનતા નથી. આ પિતા વકીલ છે. એ સુહેલને કહે છે કે આ બધા ધર્મના નામે ધંધો કરનારા છે. હું નમાજ ન પઢું કે મસ્જિદ ન જાઉં એની એમને ચિંતા નથી, એમને તો એ વાતની ચિંતા છે કે એમનો એક ઘરાક ઓછો થયો ! બધા જ ધર્મમાં લોકો પોતાના ચેલાઓની સંખ્યા વધારવા જરૂર લાગે એવા ઉપાયો અજમાવી રહ્યા છે. મંદિર-મસ્જિદ શોષણના સાધન છે, એની માટે લડી મરવું એ નરી બેવકૂફી છે – એમ પિતા દીકરા સુહેલને સમજાવે છે. આગળ વાત કરતાં પિતા દીકરાને કહે છે કે મેં ધાર્યું હોત તો હું પાકિસ્તાન જઈ શક્યો હોત પણ મને થયું કે મારે મારા દેશની સંસ્કૃતિ છોડીને શું કામ જવું જોઈએ. અંતે ફરી ફરીને એક જ વાત આવે છે કે સંસ્કૃતિ એ ધર્મથી ઉપરની વસ્તુ છે. એ ઘણી ઊંચી વાત છે. આજે દેશને મિશ્રસંસ્કૃતિ અને મિશ્રભાષાની જરૂર છે. સુહેલ એના પિતાની સંપીને રહેવાની વાત બધાને સમજાવે છે પણ લોકો એનો વિરોધ કરે છે. ધીમે ધીમે સુહેલનું આખું કુટુંબ મુસ્લિમો દ્વારા બહિષ્કૃત થાય છે, પણ એથી કંઈ હિંદુઓ એમને અપનાવતા નથી. કંટાળીને સુહેલ કટ્ટરવાદી થઈ જાય છે. જેનો એ વિરોધ કરતો હતો એવો એ થઈ જાય છે. આખી હિંદુ કોમને અને હિંદુસ્તાનને નફરત કરતો થઈ જાય છે.'

'અમારો ધર્મ સૌથી ચઢિયાતો અને સૌથી સારો એની લાગણીમાંથી જ નફરતનું ઝેર પેદા થાય છે. સુહેલ વિશિષ્ટ મન:સ્થિતિનો ભોગ બનેલો છે. વારંવાર આ સમુદાયની લાગણી દુભાય છે અને એમાં જ એમનો ડર જન્મેલો છે. થોડાક કડવા અનુભવો એને અંતિમવાદી તરફ દોરી જાય છે. તે હતાશ, નિભ્રાંત બને છે. સુહેલને બાળપણમાં રમતા હતા એ વડલો યાદ આવે છે. બર્ગદ એટલે વડલો. વડલો એ સંસ્કૃતિનું પ્રતિક છે. તે ઊભો ઊભો સુકાઈ ગયો છે. એટલે જ એનું નામ 'સુખા બર્ગદ.' લેખકે અહીં સમસ્યાઓ આલેખી છે પણ ઉકેલ નથી આપ્યો. આમ પણ, સર્જક ઉકેલ આપવા બંધાયેલો હોતો નથી. છેવટે એટલું જ કહીશ કે, કરારો કરવાથી કોમી સમસ્યા ઉકલવાની નથી; એ માટે તો ગાંધીજીએ કહ્યું હતું તેમ હૃદય પરિવર્તન એજ એનો એકમાત્ર ઉકેલ છે માટે આપણે સૌ ગાંધી ચીંધ્યા માર્ગે આગળ વધીએ એ જ શુભકામના.'

બરાબર સાંજે છ વાગ્યે પ્રથમ દિવસની તમામ બેઠકો પૂરી થઈ હતી. ત્યારબાદ રાત્રીના 8 થી 10 દરમિયાન કૈલાસ ગુરુકૂળ ખાતે સૌમ્ય જોષી અને વૃંદ (ફેડ ઈન થીયેટર-અમદાવાદ) દ્વારા 'મહોરાં' નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તે પછી ચિત્રકાર શ્રી સવજી છાયાની સુપુત્રીએ કથન નૃત્ય પ્રસ્તુત કર્યું હતું અને કાર્યક્રમના અંત ભાગમાં વિભાબેન અને શ્રી રાસબિહારીભાઈએ સુંદર ભજનો અને મનનીય ગઝલોથી રાત્રી બેઠકને યાદગાર બનાવી હતી.

## [બીજો દિવસ : પ્રથમ બેઠક]

બીજા દિવસની પ્રથમ બેઠકનો વિષય હતો : 'આપણા ધર્મની સુગંધ' જેમાં વિવિધ ધર્મના વક્તાઓએ સુંદર વક્તવ્યો આપ્યા હતાં. સૌપ્રથમ પૂર્વ સાંસદ, પૂર્વ કુલપતિ અને સર્વોદય કાર્યકર એવા શ્રી રામજી સિંહે 'હિંદુ ધર્મની સુગંધ' વિશે વાત કરી હતી.

'હિન્દુ' શબ્દ વિશે વાત ની શરૂઆત કરતાં તેમણે કહ્યું હતું કે : 'હિન્દુ શબ્દ આવ્યો ક્યાંથી ? વેદોમાં નથી, મુખ્ય ઉપનિષદોમાં નથી, મહાભારતમાં નથી, ગીતામાં તો નથી જ. વાલ્મિકી રામાયણમાં એવો શબ્દ દેખાતો નથી અને મને જ્યાં સુધી ખ્યાલ છે ત્યાં સુધી એવો કોઈ શબ્દ મનુસ્મૃતિમાં પણ નથી. તો પછી આ 'હિંદુ ધર્મ' કેવી રીતે થયો ? આ કોઈ ઐતિહાસિક શબ્દ નથી. વિશ્વકોશોમાં પણ નથી. પરંતુ કહેવાય છે કે સપ્તસિંધુથી આ શબ્દ આવ્યો છે. 'સ' શબ્દનો ઉચ્ચાર બરાબર નહોતા કરી શકાતો એટલે એનો 'હ' થયો એમ કહેવાય છે. સાચું શું છે એ હું કહી શકું તેમ નથી. વૈદિક વાંગ્મય પ્રમાણે મને લાગે છે કે આ શબ્દ જાતિ અને ભૂગોળ સૂચક છે પણ તે ધર્મ સૂચક નથી. કોઈક વળી તેને ક્યારેક આર્યધર્મ કે બ્રાહ્મણધર્મ પણ કહે છે પરંતુ મને જે સૌથી યોગ્ય અને એકદમ બરાબર લાગે છે તે છે 'સનાતન ધર્મ'. ગાંધીજીએ કહ્યું હતું કે હું સનાતની હિંદુ છું અને મારે માટે ધર્મ એક બાળકને હોય તેમ માતાની છાતી સમાન છે જે છોડી નથી શકાતો. તો 'સનાતન ધર્મ' એ શબ્દ હિંદુધર્મ કરતાં વધારે યોગ્ય લાગે છે.'

'ભારતીય સંસ્કૃતિ સમાનતામાં માને છે. "પાર્લામેન્ટ ઑફ વર્લ્ડ રિલિજિયન"ની જન્મ શતાબ્દી વખતે 1993માં મારે એક જૈન સમાજના પ્રતિનિધિ તરીકે જવાનું થયું ત્યારે બી.બી.સી.ના એક કોરસ્પોન્ડન્ટે મારી સાથે વાર્તાલાપ કર્યો. એમને એ જાણીને નવાઈ લાગી કે હું જૈન નથી પણ અહીં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરવા આવ્યો છું. એમને આશ્ચર્ય થયું કે તમે જૈન નથી તો પણ એ ધર્મનું પ્રતિનિધિત્વ કરો છો ? ત્યારે મેં કહ્યું કે એ જ ભારતીય સંસ્કૃતિ છે. સમાનતા એ જ સંસ્કૃતિની મુખ્ય વસ્તુ છે. 'એકમ સદ વિપ્રા બહુધા વદન્તિ' આખરે તો સત્ય પણ એક જ છે ને ! ધર્મના ત્રણ અંગ હોય છે : દર્શન, આખ્યાન અને ત્રીજું કર્મકાંડ. દરેક ધર્મના કર્મકાંડ અને આખ્યાન જુદા-જુદા હોઈ શકે પણ સારાંશ તો એક જ હોય છે. જીવનનો 'આનંદ' એ હિન્દુ ધર્મનું મૂળ છે.'

'ટફલરે કહ્યું છે કે દુનિયાની આધુનિક સભ્યતાના ત્રણ ચિન્હ છે : વેલ્થ, પાવર અને નોલેજ (કોરી માહિતી, જ્ઞાન નહીં). આજની સભ્યતાની આ ત્રણેય મુખ્ય બાબત છે. એટલે જ નચિકેતાને યમે જ્યારે પ્રલોભનો આપ્યા ત્યારે આ વેલ્થ અને પાવરની લાલચ પણ આપી. પરંતુ નચિકેતાને તો મૃત્યુનું રહસ્ય જ જાણવું હતું. યમરાજાએ ફરી પ્રલોભનો આપ્યા કે જે માણસ માટે દુર્લભ હોય એ બધું તું લઈ લે... અને એ વાત કરતાં કરતાં યમે

'Pleasure' અને 'Happiness' નું અંતર બતાવ્યું. આજે આપણે બધા 'Pleasure' માટે પરેશાન છીએ, પણ 'Happiness' તરફ કોઈનું ધ્યાન નથી. ધર્મની ખોજ એ આનંદની ખોજ છે. હાર્વર્ડ યુનિવર્સિટીના રિપોર્ટ પ્રમાણે ન્યુયોર્ક શહેરમાં દર 27 માણસે 1 માણસ ક્યાંક તો પાગલખાને છે અથવા મનોચિકિત્સકની સારવાર લઈ રહ્યા છે. ધર્મનો અંતિમ ઉદ્દેશ શું છે એ સમજવું રહ્યું. આનંદ નહીં હોય તો ભૌતિક સંપત્તિનો શું અર્થ ? ઉપનિષદ કહે છે કે વ્યક્તિ જેટલો વ્યાપક થશે એટલો આનંદ વધશે. ત્યાં 'ભૂમા' શબ્દ વપરાયો છે. આપણને અલ્પમાં આનંદ નથી. આપણને વિશાળતા જ કબૂલ છે. ધર્મ સંકિર્ણતા માટે નથી. જ્યાં સંકોચ હોય ત્યાં ધર્મ સંકોચાઈ જાય છે. તમામ ધર્મોના લોકોને ભારતમાં આશ્રય મળે એ વિશાળતાપણું છે.'

પોતાનો અનુભવ વર્ણવતા શ્રી રામજી સિંહે જણાવ્યું હતું કે : 'એકવાર ભણાવતાં મેં કહ્યું હતું કે હિન્દુ ધર્મ એ ધર્મ નથી પણ એક વિચારધારા છે. ધર્મમાં તો નિયમ પ્રમાણે એક જ દેવી-દેવતા હોય પણ અહીં હિન્દુ ધર્મમાં તો આસ્તિક પણ હિંદુ અને નાસ્તિક પણ હિંદુ. ધર્મમાં 'One central book of reference' હોય પરંતુ અહીં તો વેદ ના આવડે તો ઉપનિષદથીયે કામ ચાલે. એ ન ફાવે તો રામાયણ થી ચાલે. એ પણ ન આવડે તો એકલા હનુમાન ચાલીસા પણ ચાલી જાય. એટલે કહેવાનો અર્થ એ છે કે સંકિર્ણ અર્થમાં હિંદુ ધર્મ ધર્મ નથી. એનો ફેલાવો એટલો બધો છે કે જે રસ્તે જવું હોય એ રસ્તે જઈ શકાય પરંતુ શરત એક છે : આધ્યાત્મિકતા. આ ધર્મનું આ મુખ્ય તત્વ છે. એને સમજાવવું અઘરું છે. નૈતિક અને શાશ્વત વ્યવસ્થાનું સંબોધન એટલે આધ્યાત્મિકતા. શ્રી અરવિંદે કહ્યું હતું કે કર્મકાંડ અને આખ્યાનની એક સીમા છે, પણ ધર્મનો આધાર છે આધ્યાત્મિકતા. એ આધ્યાત્મિકતા શબ્દોથી નથી જણાતી. 'ન તત્ર ચક્ષુ ગતિઃ ન વાક ગચ્છતિ...' એ શબ્દોના માધ્યમથી સમજવું કઠિન છે. હિન્દુ ધર્મનો આધાર છે આધ્યાત્મિકતા.'

'ધર્મના નામે બહુ સારા કામોય થયા છે અને ખોટા કામોય થયા છે. કેટલાક લોકોને ધર્મના નામે મારવામાં આવ્યા, સળગાવવામાં આવ્યાં. અહીં પણ અને વિદેશમાં પણ. તેથી લોકો કહે છે કે ધર્મને જ દફનાવી દો ! પણ વાત એમ નથી. શ્રી અરવિંદે એમ નથી કહ્યું કે ધર્મની જરૂરત નથી, એમણે એમ કહ્યું કે ધર્મની એક મર્યાદા ચોક્કસ હોય છે. એમણે intuition ની વાત કરી છે. ભારતીય હિન્દુ ધર્મની એ જ સાચી વાત છે કે જ્ઞાનના સાધનો તો અનેક છે પ્રત્યક્ષ, અનુમાન, પ્રમાણ વગેરે.... પણ એક જ્ઞાન છે : 'ઈન્ટ્યુશન.' વિજ્ઞાનમાં પણ ઑબ્ઝર્વેશન પછી હાઈપોથિસિસ આવે છે અને એ જ ઈન્ટ્યુશન છે. એટલે આ ઈન્ટ્યુશન વિજ્ઞાનનું વિરોધી નથી, ધર્મનું વિરોધી નથી પરંતુ કદાચ ધર્મની ઉપરનું તત્વ છે. એટલે આ ઈન્ટ્યુશન પણ હિન્દુ ધર્મનો એક આધાર છે. અરવિંદ જેને સુપરમાઈન્ટ કહે છે... માઈન્ડથી યે ઉપર એ શું છે ? એ આ જ ઈન્ટ્યુશન છે. બીજી એક વાત કરું તો મનુએ ધર્મની શું પરિભાષા કરી ? નૈતિકતા, ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિય નિગ્રહ, ધીર, વિદ્યા, સત્ય અને અક્રોધ. આ બધા લક્ષણોમાં કોઈ ધર્મનાને કોઈ વાંધો ન હોઈ શકે. આખરે બધા ધર્મો આ જ ઈચ્છે છે. એને ગાંધીજીએ નીતિ ધર્મ કહ્યો. ગાંધીજીના એકાદશ વ્રત એ જ છે. બાઈબલના 'ટેન કમાન્ડમેન્ટ્સ' એ જ છે. મુસ્લિમોના શાસ્ત્રોમાં પણ એ જ વાત છે. આધ્યાત્મિકતા અને નૈતિકતામાં કોઈ ધર્મનો વિરોધ છે જ નહિ અને ધર્મનો એ જ પાયો છે. જેને જે રૂચિ હોય તે ભક્તિ, જ્ઞાન, કર્મ પ્રમાણે માર્ગ પસંદ કરી શકે. ગમે તે રસ્તે ત્યાં પહોંચી શકાય.'

'તમને કદાચ કોઈ કહેશે કે હિંદુ ધર્મમાં આધ્યાત્મિક ઊંચાઈ તો ઘણી છે પરંતુ 'સોશિયલ એન્જિનિયરિંગ' બહુ ખરાબ છે. એનું કારણ એ કે આ ધર્મમાં અનેક 5500 જેટલી જાતિ-ઉપજાતિઓ છે. હકીકતે જાતિવાદ હિન્દુશાસ્ત્રો વિરોધી છે. વેદ અને ગીતા જુઓ તો ખ્યાલ આવે. ગીતા કહે છે : 'ગુણ-કર્મ' વિભાગે આ જુદી જુદી જાતિઓ છે, એ કંઈ જન્મથી જાતિવાદની વાત નથી. વર્ણાશ્રમનો ખરો અર્થ જ એ છે કે જેને જે રૂચિ હોય તે પ્રમાણે કામ કરી શકે. મને ભણાવવાનું ગમે તો એ મારો ધર્મ, પણ એથી કંઈ હું વેપાર ન કરી શકું તો હું અધાર્મિક થઈ ગયો એમ વાત નથી. ભગવાન મનુએ જાતિ વિશે કોઈ બાબતો કહી હોય તો એના પર પુન:વિચાર થવો જોઈએ અને એમાંથી આગળ નવું દર્શન થતું રહેવું જોઈએ. એટલે જ ગાંધીજીએ અસ્પૃશ્યતા નાબૂદ કરી. એક ગતિમાન, ગતિશીલ આત્મશોધક ધારા છે એ હિન્દુત્વની ગંગા છે. આશ્રમવ્યવસ્થા પણ બહુ વૈજ્ઞાનિક છે; ઊંડાણથી સમજીએ તો ખ્યાલ આવે.'

'આપણે ત્યાં બીજી કે વાત એ છે કે 'કામ'ને પણ ખોટો નથી માનવામાં આવ્યો. કામસૂત્રની રચના ઋષિ કરી શકે છે અને એની જરૂરિયાત પણ છે. વીણાના તારને એટલા જોરથી ન બાંધો કે તૂટી જાય અને એટલા ઢીલાય ન રાખો કે સંગીત જ ન વાગે ! – કામનો સ્વીકાર આપણે ત્યાં આ રીતે થયો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની એકદમ પ્રેક્ટિકલ હિન્દુ વિચારધારા છે. ધર્મ એટલે ડ્યુટી. વેદવ્યાસ ભગવાને બે હાથ ઊંચા કરીને એમ જ કહ્યું. એ કોઈ સંકુચિત વાત નથી. 'અર્થ' એટલે પૈસો ખોટો નથી કારણ કે ધર્મયુક્ત અર્થોપાર્જન યોગ્ય મનાયું છે. રાજનીતિમાં પણ ધર્મની આવશ્યકતા છે. ધર્મ વિના અર્થ વિનાશકારી છે, ધર્મ વિના વિદ્યા રાક્ષસી છે, ધર્મ વિના બધું જ ખતમ છે. અને છેલ્લે આ ધર્મ પોતાની મુક્તિની વાત નથી કરતો – એ તો પ્રહ્લાદની જેમ સમગ્ર પ્રજાને ઈશ્વરના દરબારમાં લઈ જવા ઈચ્છે છે. મોક્ષ ખરો, પણ પોતાનો નહીં; સમગ્ર પ્રજાનો. સમાજ દુ:ખોમાંથી મુક્ત થાય એ વિચારધારા હિન્દુ ધર્મનું એવરેસ્ટ છે. બસ, એટલું જ કહીશ કે… આ ત્યાગ જ ખરો ધર્મ છે.'

'આપણા ધર્મની સુગંધ' વિષય અંતર્ગત મુસ્લિમ ધર્મ વિશે શ્રધ્ધેય ઈસ્લામિક સ્કોલર શ્રી મૌલાના વહીદુદ્દીનખાને વક્તવ્ય આપ્યું હતું. તેમણે પ્રારંભ કરતાં જણાવ્યું હતું કે : 'મને આપ સૌને મળવાનો અત્યંત આનંદ છે. ઈસ્લામનો મૂળ અર્થ 'પ્રેમ' છે. હું આખી દુનિયામાં ગયો છું અને જ્યાં પણ જાઉં ત્યાં કહું છું કે ભારતથી સારો દેશ હજી સુધી મને મળ્યો નથી. સૌને કહું છું કે તમે હજી ભારતને બરાબર ઓળખતા નથી. પયગંબર સાહેબે કહ્યું હતું કે મને ઈન્ડિયા તરફથી ઠંડી હવા આવે છે… જે દેશ તરફથી પયગંબરને ઠંડી હવા મળે એ દેશ તરફથી તમને ગરમ હવા લાગતી હોય તો કોનો અનુભવ સાચો ? ઈતિહાસ કહે છે કે આ દેશમાં મુસલમાન આવ્યા અને દેશે એનું સ્વાગત કર્યું. ચાહે તે સૂફી રૂપે હોય, વેપારી રૂપે કે એક સામાન્ય વ્યક્તિ રૂપે. વાત તો ત્યારે બગડી કે જ્યારે દેશના ભાગલા પડ્યા. મારી દષ્ટિએ દેશના ભાગલા પડવા એનાથી મોટી ખરાબ ઘટના ઈતિહાસમાં કોઈ નથી.'

'હું આખી દુનિયાને મારો આધ્યાત્મિક પરિવાર માનું છું. આપ સૌ પણ તેમાંના જ છો. પયગંબર સાહેબે કહ્યું હતું કે બધા ભાઈ-બહેનો સૌ એકબીજાના આધ્યાત્મિક ભાઈ-બહેનો છે. ભારતમાં જન્મવાનો મને ગર્વ છે. અહીં પ્રેમ છે, શાંતિ છે અને ધીરજ છે. અત્યારે અહીં આ કૈલાસ ગુરુકૂળનું વાતાવરણ મને આધ્યાત્મિક બાગ જેવું લાગે છે. વળી, ભારતમાં આશ્રમનો જે વિચાર છે તે એકદમ યુનિક છે. વિશ્વમાં એવો વિચાર બીજે ક્યાંય જોવા મળતો

નથી. એક જગ્યાએ કેનેડાથી આવેલા એક યુવાનને મેં પૂછ્યું કે તમે ભારત કેમ આવ્યા ? તો એણે ગંભીરતાથે કહ્યું કે ત્યાં હું શારીરિક રીતે સુખી હતો અહીં હું આધ્યાત્મિક રીતે સુખી છું. સ્વામી વિવેકાનંદે શિકાગોમાં 'મારા પ્યારા ભાઈઓ અને બહેનો' એવું સંબોધન કર્યું ત્યારે તાળીઓનો ગડગડાટ થયો. એમ કેમ થયું ? કારણ કે એ સંબોધનમાં ભારતનો આત્મા બોલતો હતો. ભારત બધાને પોતાના ભાઈ-બહેન માને છે. આ કોઈ એકની વાત નહીં પરંતુ બધા જ ભારતીયોમાં આ જાદુ છે.'

'ઘણા લોકો માને છે કે ઈસ્લામ લડાઈનો ધર્મ છે જ્યારે હિંદુ પ્રેમનો ધર્મ છે. ખરેખર વાત એમ નથી. બધા જ ધર્મો પ્રેમના જ હોય. એનો કોઈ ખોટો ઉપયોગ કરે તો એ ખોટી વાત છે. દરેક વસ્તુનો ખોટો ઉપયોગ થતો હોય છે; એની કોઈ સીમા નથી. પરંતુ એક વાત યાદ રાખવી ઘટે કે ખુદા અહિંસા પર જે ચીજ આપે છે તે હિંસામાં કદી નથી આપતા. ઈસ્લામ માટે થઈને લડાઈ કરનારને હું પાગલ માનું છું. હું આવું સાચું કહું તે ઘણાને ગમતું નથી, પણ સચ્ચાઈ તો કહ્યે જ છૂટકો. કાલે અમે નારાયણભાઈ દેસાઈ અને ધર્માધિકારીજી પાસે બેઠા હતા ત્યારે મેં શ્રી નારાયણભાઈને કહ્યું કે ગાંધીજી વિશે કંઈક કહો. એ વખતે એમણે એક સરસ વાત કરી કે આઝાદીની જાહેરાત થવાના સમયે ગાંધીજી નોઆખલીમાં હતા. ત્યાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. એમણે ત્યાંથી એક સજ્જનને અહીં પત્ર લખ્યો હતો કે મારી ચારે બાજુ આગ છે; રમખાણો છે – પણ મારા મનમાં ઠંડક છે. બસ, આ જ ભારત છે. ભારત એનું નામ છે જે કાંટાની વચ્ચે ફૂલ બનીને રહે. આગની વચ્ચે ઠંડક મહેસૂસ કરે.'

'મને એક પ્રસંગ યાદ આવે છે અને તે સ્વામી વિવેકાનંદજીના જીવનનો. એક વાર શિકાગોમાં રસ્તે તેઓ ચાલતા જતા હતા અને એમણે ભગવા કપડાં પહેર્યાં હતાં. ત્યાંથી પસાર થતાં એક પત્નીએ પતિને કહ્યું કે આ માણસ મને જેન્ટલમેન નથી લાગતો. સ્વામીજી સાંભળી ગયા. એમણે એ બહેન પાસે જઈને કહ્યું કે : 'In your country, tailor makes a man gentleman but the country from which I come, character makes a man gentleman.' આ ભારતની આત્માનો અવાજ એમના મુખે હતો. હું પ્રોફેટની જેમ દરેક માનવીને માનવીના સ્વરૂપે જોવા ટેવાયેલો છું. બધા જ ખુદાના સંતાનો છે. જેવા તમે એવો હું. દુનિયામાં સર્વ સમાન છે. મેં બધા જ ધર્મોને વાંચ્યા છે, તેથી હું કહી શકું કે દરેકની પદ્ધતિમાં ફેર હોઈ શકે. રહેવાની-બેસવાની અને રીતરિવાજોની પદ્ધતિ જુદી હોઈ શકે પણ મૂળતત્વમાં કદી અલગપણું ન હોઈ શકે. એમાં કોઈ અંતર ન હોય. કુરાનમાં કહ્યું છે કે તમને જેમાં દુશ્મન છુપાયેલો દેખાય છે; એમાં જ મિત્ર હોય છે. આ સમજાવવા માટે હું ગાયનું પ્રતિક વાપરું છું. ગાય શું કરે છે ? તમે ગાયને ઘાસ આપો અને એ તમને દૂધ આપે. ગાય પરમાત્માની એક વ્યવસ્થા છે જે દૂધ ન હોય એનું પણ એ દૂધ કરી શકે. એવી રીતે, કોઈ પણ નેગેટીવ અનુભવમાંથી પણ પોઝીટીવ શોધી કાઢવું જોઈએ. દુશ્મનમાં પણ મિત્ર છૂપાયેલો હોય છે. કુરાને આ જ વાત સમજાવી છે. ગાંધીજીએ જે વાત કરી કે મારી ચારે બાજુ આગ છે પણ મારી અંદર ઠંડક છે – બસ એ જ ઈસ્લામ છે. ઈસ્લામ એટલે બીજું શું ? મેં મુસલમાનોને ઘણીવાર કહ્યું કે તમે આ દેશને બરાબર ઓળખ્યો નહીં, એને તમે ઓળખો. મારું મિશન છે કે મારા મૃત્યુ પહેલા ભારતને હું 'આધ્યાત્મિક' સુપરપાવર તરીકે જોઉં. એને માટે જ હું રડું છું, દુઆઓ કરું છું અને મારી અંતિમ ઈચ્છા પણ એ જ છે. ભારતની ઓળખાણ એની આધ્યાત્મિકતા છે અને તે એ રીતે જ આગળ આવશે. આપણા સાધુ, સંતો અને આશ્રમો એ તમામ આધ્યાત્મિક જાગૃતિના કેન્દ્રો છે.'

તેમણે 'જેહાદ'નો સાચો અર્થ સમજાવતું એક પુસ્તક લખ્યું છે જેના વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે : 'લોકો માને છે કે જેહાદ એ જાણે ઈસ્લામની ઓળખ છે. હું એમને કહું છું કે જેહાદનો અર્થ એ નથી જે તમે લઈ રહ્યા છો. જેહાદ શબ્દને લડાઈ સાથે કોઈ લેવાદેવા નથી. ઈન્ટરનેટ વગેરે માધ્યમ દ્વારા પણ હું એ સમજાવી રહ્યો છું. હું બધાને પ્રોસેસ રૂપે એ જણાવી રહ્યો છું અને આપણે સૌ એ પ્રોસેસના એક ભાગ છીએ – અને એ પ્રોસેસ છે પ્રેમ અને શાંતિની સ્થાપનાનો.'

વક્તવ્યના સમાપનમાં તેમણે કહ્યું હતું કે : 'છેલ્લે એટલું કહીશ કે દુનિયામાં ખુદાએ અનેક વસ્તુ બનાવી છે અને તેમાનું એક છે ગુલાબ. એમાં કાંટા પણ હોય છે અને ફૂલો પણ હોય છે. બધા એકલા ફૂલ થઈ શકે તો સારું છે પણ ન થવાય તો કાંટા જોડે પણ ફૂલ બનીને રહો. ગુલાબ એ કહે છે કે બધા ફૂલ બને તો સારું પણ જો કોઈ કાંટો બને તો પણ તમે ફૂલ બની રહો. આખો સમાજ ફૂલ બની જાય તોય સારું પણ કદાચ કોઈને ન સમજાવી શકો તો પણ તમે તમારી સુગંધ ગુમાવશો નહિ. સમય આવ્યે કદાચ કોઈ કાંટાનું પણ ફૂલમાં પરિવર્તન થઈ જશે. અલ્લાતાલા મારા દેશને સુખી અને સારો બનાવે.'

બીજા દિવસની આ પ્રથમ બેઠકના અંતિમ વક્તા ફાધર રૂડોલ્ફ હરેડીયાએ ખ્રિસ્તીધર્મની સુગંધ વિશે વાત કરી હતી. તેઓ ઈન્ડિયન સોશ્યલ ઈન્સ્ટીટ્યૂટ, દિલ્હીના નિયામક તેમજ સોશ્યોલોજીસ્ટ છે. તેમણે તેમનું વક્તવ્ય અંગ્રેજીમાં આપ્યું હતું જેનો સારાંશ ત્યાર બાદ ફાધર વિલિયમે આપ્યો હતો. ફાધર વિલિયમે સાર સમજાવતા કહ્યું હતું કે : 'ઈસુના ઉપદેશમાં પ્રેમ મુખ્ય છે. યુરોપમાં ધર્મના નામે જેટલા યુદ્ધો થયા એટલા ક્યાંય થયા નથી. અને આ સાંભળ્યા પછી ઈસુનો ધર્મ એ પ્રેમ ધર્મ છે એ કહેતા સંકોચ જરૂર થાય છે પણ તેમ છતાં એમ કહેવું જ યોગ્ય છે કે તેઓ પ્રેમને જ ધર્મ માને છે. જ્યાં સુધી ખ્રિસ્તીધર્મમાં પ્રેમ ટકી રહેશે ત્યાં સુધી જ ખ્રિસ્તી ધર્મ જગતમાં ટકી રહેશે. જ્યાં ખ્રિસ્તીધર્મમાં પ્રેમ ન દેખાય તો સમજવું કે ત્યાં ખ્રિસ્તીધર્મ ખલાસ થઈ ગયો છે. આ ધર્મમાં ભગવાનને ત્યાં જવાનો મોક્ષનો માર્ગ એ નેશનલ એક્સપ્રેસ હાઈ-વે નથી. એ તો વાયા-વાયા પાડોશી મારફતે એટલે કે માનવતાના માર્ગે જાય છે. ઈશ્વરને ત્યાં સીધુ પહોંચાતું નથી; પાડોશીને પ્રેમ કરીને જ પહોંચાય એવી ખ્રિસ્તીધર્મની દ્રઢ માન્યતા છે. માનવ પ્રેમનું આ ધર્મમાં મોટું સ્થાન છે. ઈસુને જ્યારે એમ કહેવામાં આવ્યું કે તમે અમને એવું કશુંક આપો કે જેથી અમને બધા તમારા અનુયાયીઓ તરીકે ઓળખે ત્યારે ઈસુએ છેલ્લા ભોજન પહેલા બધા શિષ્યોને ભેગા કર્યા અને તેમણે પોતે બધા શિષ્યોના પગ ધોયા. તે પછી એમને ઓળખ ચિન્હ આપ્યું અને તે હતું : 'તમને જગત મારા અનુયાયી તરીકે ત્યારે જ ઓળખશે અથવા તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે જો તમે પરસ્પર પ્રેમ કરતા હશો.' ઈસુના અનુયાયીની આ એક માત્ર ઓળખ કે અસ્મિતા છે.'

'ખ્રિસ્તી માન્યતામાં એમ કહેવાય છે કે ઈશ્વરના દરબારમાં જેને પ્રવેશ મળશે અને ઈશ્વર બધાને જ્યારે બોલાવશે ત્યારે એમ કહેશે કે તમે આ મારું તૈયાર કરેલું રાજ્ય ભોગવો કારણ કે જ્યારે મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી પાયું હતું. હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે મને આશરો આપ્યો હતો, હું ઉઘાડો હતો ત્યારે તમે મને વસ્ત્રો આપ્યા હતાં અને હું માંદો હતો ત્યારે તમે મારી સેવા કરી હતી. બધા પૂછે છે કે આવું ક્યારે બનેલું ? અમે આપને ક્યારે ખવડાયું અને ક્યારે પાણી

પાયું ? ત્યારે ઈશ્વર કહેશે તમે મારા ભાઈઓ-સંતાનો માટે જે કંઈ કર્યું એ મારી માટે જ કર્યું છે. એથી ઊલટું, જેમને ઈશ્વરના દરબારમાં પ્રવેશ નહીં મળે એમને આ આધારે જ પ્રવેશ નહીં મળે. ખ્રિસ્તી ધર્મનો આ પાયો છે. હકીકતે તે જળવાયો હોય કે ન હોય તે એક જુદી વાત છે.'

'હવે કેટલીક ઈસુએ વર્ણવેલી પ્રેમની લાક્ષણિકતાની વાત કરું. તેમણે કહ્યું છે કે પ્રેમ ઈશ્વરમાંથી ઉદ્દભવે છે. જે પ્રેમ રાખે છે તે ઈશ્વરને ઓળખે છે. ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે. કોઈ એમ કહે કે હું ઈશ્વરને બહુ પ્રેમ કરું છું અને જો પાડોશી પર એનો પ્રેમ ન હોય તો એ જૂઠું બોલે છે એમ સમજજો. તું જેને જોઈ શકે છે એના પર પ્રેમ ન રાખતો હોય તો જે નથી દેખાતો એની પર તું પ્રેમ રાખે છે એ કેમ માની શકાય ? પ્રેમ હોય તો ક્ષમા પણ આવે જે પ્રેમની પહેલી લાક્ષણિકતા છે. ક્ષમા કેટલી ? વારંવાર. એની કોઈ સંખ્યા નહીં. એ દરેકને માટે હોવી જોઈએ. કોઈ બાકાત નહીં. જેમ સૂર્ય બધા માટે, વરસાદ બધા માટે એમ પ્રેમ અને ક્ષમા બધાને માટે. ફક્ત મિત્રો પર નહીં; શત્રુઓ પરત્વે પણ પ્રેમ રાખો. બૂરું કરનારનો સામનો કરશો નહિ. કોઈ જમણા ગાલ પર તમાચો મારે તો ડાબો ગાલ ધરી દેજો. તમને રંજાડનાર માટે પણ દુઆ માંગો. તો જ તમે પરમ પિતાના સંતાનો ગણાશો. પ્રેમ રાખે એના પર પ્રેમ રાખીને નવું શું કર્યું !'

ફાધર રૂડોલ્ફના શબ્દોનું અનુવાદ કરતાં ફાધર વિલિયમે વધુમાં જણાવ્યું હતું કે : 'પ્રેમની પરિભાષમાં આજે વિકાસ થયો છે. માત્ર ઘર બાંધી આપવું કે નાની મોટી મદદ જ નહીં; હવે તેમાં 'લીબરેશન થિયોલોજી' ઉમેરાઈ છે. એનો અર્થ છે કે નાના સુકૃત્યો જ નહીં પણ સમાજ માટે ઉપયોગી થવું. બાળમજૂરી વિરુદ્ધ કામ કરવું, ગુજરાતી ભાષા માટે કામ કરવું વગેરે.... એ બધા માનવબંધુના પ્રેમના કામ છે. જે દિવસે માનવબંધુ પ્રેમ વિશે બાંધછોડ આવશે તે દિવસે ખ્રિસ્તિધર્મનું અસ્તિત્વ રહેશે નહિ. આ ફાધરે કહેલી બાબતનો સારાંશ છે. છેલ્લે એક વાત કહીને પૂરું કરું કે ખ્રિસ્તીનું આ જગતમાં મિશન, ઈસુના અનુયાયી તરીકે શું છે ? એમનું મિશન છે જગતનું ઋણ બનવાનું અને જગતનો દીવો બનવાનું જેથી જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ મળે; જ્યાં અસ્વાદિષ્ટતા હોય તે મધુર સ્વાદિષ્ટ બને.'

### [બીજો દિવસ : બીજી બેઠક ]

બપોરની બેઠકનો પ્રારંભ બપોરે ત્રણ વાગ્યે થયો હતો, જેનો વિષય હતો : 'સંપૂર્ણ સંવાદિતા તરફ'. આ બેઠકના પ્રથમ વક્તા શ્રી દિલીપ સિમીયન દિલ્હી ખાતે યુનિવર્સિટીમાં ફરજ બજાવે છે, ઈતિહાસકાર છે અને દિલ્હીના અમન ચેરીટેબલ ટ્રસ્ટના તેઓ નિયામક છે. તેમણે પોતાની વાતનો પ્રારંભ કરતાં જણાવ્યું હતું કે : 'આ વિચાર-વિમર્શમાં જોડાઈને મને બહુ ખુશી થઈ. આવા વધારે ને વધારે સત્રો યોજાવા જોઈએ. હું ઘણો પ્રભાવિત થયો છું અને તેની મારા પર ઘણી જ ભાવુક અસર થઈ છે.' વધુમાં તેમણે કહ્યું કે, 'મને હંમેશા લાગ્યું છે કે બધા જ ધર્મો સારા છે અને બધામાં જો આટલો પ્રેમભાવ છે તો પછી આટલી ધમાલો, યુદ્ધો વગેરે કેમ થાય છે ? આ બાબત આપણે વિચારવી પડશે, નહિ તો એમ લાગશે કે જાણે દુષ્ટ વસ્તુઓ ક્યાંક બહારથી આવે છે અને આપણે બધા એકબીજાની વાહવાહ કરવામાં રહી જઈશું અને આત્મખોજ ગુમાવી બેસીશું. હું વિનમ્રતાપૂર્વક પૂછવા માગું છું કે બધા જ ધર્મો જો સારા હોય તો દુષ્ટતા આવી ક્યાંથી ? આ પ્રશ્ન મને બહુ કનડે છે.'

પોતાના સ્વાનુભવની વાત કરતાં તેમણે કહ્યું કે, '19-20 વર્ષની ઉંમરે હું નકસલવાદી બનવામાં જોડાયો. એ વખતે મારા આદર્શ મહાન હતા. ગરીબોનું ઉત્થાન, શોષણનો અંત વગેરે અમે ઈચ્છતા હતા એટલે એ શાનદાર આદર્શો પૂરા કરવા અમને લાગ્યું કે નકસલવાદી બનવું યોગ્ય રસ્તો છે. એમાં જોડાયા બાદ મને સમજાયું કે દુનિયામાં મહાન આદર્શો માટે હિનકાર્યો થાય છે. ન્યાયના કામ માટે અન્યાય થાય છે અને હિંસાને દૂર કરવા માટે જ કાયમ હિંસાનો સહારો લેવાય છે ! આપણે પોતે જ આવા ખોટા કામ કરીએ છીએ. પાપ બીજે ક્યાંયથી આવતા નથી, પાપ પુણ્ય સાથે જ ચાલતા હોય છે. દુષ્ટતાને પુણ્યથી જ શક્તિ મળે છે. આ બાબત આપણે વિસ્તારથી વિચારવી પડશે.'

'સૌપ્રથમ તો મને લાગે છે કે આપણે દુષ્ટતાને આપણી અંદરથી ઉખાડી નાખીએ. હું મારા અનેક વામપંથી મિત્રોને કહું છું કે અસત્ય અને જૂઠ પર કોઈ રાજનીતિ ચાલી ન શકે. એની માટે શું જૂઠનો સહારો લઈશું ? આપણા આંદોલનોમાં જો કુકર્મો થયા હોય તો એનો જાહેરમાં સ્વીકાર કરો. એમ કરશો તો જ આગળ વધાય. આ બાબતે મારો એક અનુભવ આપને કહું. 1970-72માં હું અજ્ઞાતવાસમાં રહીને ઉત્તર પ્રદેશમાં એક ખેતમજૂર તરીકે કામ કરતો હતો. પોલીસના મારા નામે વોરન્ટ હતા. એક સમયનો દેશદ્રોહી ગણાતો હું આજે તમારી સામે ઊભો છું ! એ દિવસોમાં બાંગ્લાદેશના ભાગલા અને વગેરે ઘટનાઓના સંદર્ભે મેં પેપરમાં વાંચ્યું કે ચીન હંમેશા પાકિસ્તાનનો સાથ આપશે. એણે પાકિસ્તાનમાં ચાલતા દૂષણો વિશે કશું ન કહ્યું. હું તો સ્તબ્ધ થઈ ગયો. પાર્ટીના ચેરમેનને પત્ર લખવા વિચાર્યું પણ મોકલું કેવી રીતે ? કારણ કે હું તો અજ્ઞાતવાસમાં હતો. સમય જતાં મેં જોયું કે હું તર્કની તાકાત ખોઈ રહ્યો છું. મેં જાણે મારી જાતને સમજાવી લીધું કે જે બધું છે એ બરાબર છે અને મારે દરેક હકીકત આગળ ઘૂંટણ ટેકવી દેવા ! યાદ રાખો, કે જેની આગળ તમે ઘૂંટણ ટેકવી દો છો એ સત્ય નથી હોતું, જૂઠ હોય છે. સત્ય તો તમને પગ પર ઊભા કરે. એ પછી તો લાંબી વાતો છે... યુદ્ધ જાહેર થયું... મહિનાઓ સુધી તે ચાલ્યું.... મારા વિચારો બદલાયા.. અણસમજમાં લીધેલી એ બધી પ્રવૃત્તિ છોડીને મેં જીવનમાં સાચો રસ્તો અપનાવ્યો....'

'એ પછી મને આગળ જતાં સમજાયું કે સત્ય અને અહિંસાનો બહુ નજીકનો સંબંધ છે. ગાંધીજીએ કહ્યું હતું કે દેશપ્રેમ અને અહિંસા એમ બેમાંથી જો કોઈ એકને પસંદ કરવાનું હોય તો હું અહિંસાને પસંદ કરું. એમણે એમ કહ્યું હતું કે 'જો ભારત અહિંસા છોડી દે તો હું મારી જાતને અનાથ સમજીશ.' એટલે જ ગાંધીજી કોઈ એક દેશ કે કોમના નેતા નથી, એ વિશ્વવ્યાપક સ્તરની એક વિભૂતિ છે એમ હું માનું છું. આજે જો હું જાપાની હોત તો પણ એમ જ કહેત. માત્ર ભારતીય છું એટલે હું આમ નથી કહેતો. ગાંધીજીએ કહ્યું છે કે અહિંસા શાશ્વત છે. સત્યને પણ બારીકીથી શોધવું પડશે. સવારે દેશના ભાગલાની વાત થઈ હતી, હું તો એમ કહીશ કે મુસલમાનોએ દેશના ભાગલા કર્યા એ વાત જ ખોટી છે. એ વખતે હિંદુ મુસ્લિમ કોઈને મતદાનનો હક નહોતો. એ ભાગલા તો રાજનેતાઓએ કર્યા. લોકોની આ સુક્ષ્મ વાત સમજવામાં ભૂલ થાય છે કે લોકો પર ભાગલા ઠોકી બેસાડવામાં આવ્યા હતા, કોઈએ કર્યા નહોતાં.'

વર્તમાન બાબતો વિશે વાત કરતાં શ્રી દિલીપજીએ જણાવ્યું હતું કે : 'મને એમ લાગે છે કે આપણે એવા કાળથી ગુજરી રહ્યા છે જેને 'નિરર્થકતા'નો કાળ કહે છે. જેમાં શબ્દોની તાકાત ઓછી થઈ ગઈ હોય, પાપ-પુણ્ય

સમજવાની તાકાત ઓછી થઈ ગઈ હોય અને બધા જ જાણે સર્વનાશ ભણી આગળ દોડી રહ્યા છે. તમે કંઈ કહો કે ન કહો એનાથી કશો ફર્ક જ ન પડે એવો નિરર્થકતાવાદ સમાજમાં વધી રહ્યો છે. શબ્દ એનું વજન ગુમાવી રહ્યો છે. ભાષાનો આશય ખતમ થઈ રહ્યો છે. સાચું ખોટું સમજવાનો જાણે આપણી પાસે માનદંડ જ નથી. જુઓ, એક કન્સેપ્ટ છે : Theodicy. દયાળુ કુદરતની ઉપસ્થિતિમાં આટલી મારફાડ, રમખાણો કેમ થાય છે ? દુ:ખનું કારણ શું છે ? આ બધાને લીધે આપણા મનમાં જન્મતા નિરાશાવાદ સામે ઝઝૂમવા એક Theodicy બનાવવામાં આવી જેમાં કહેવાયું કે આ બધી મુશ્કેલીઓ ખુદાની કોઈ યોજનાનો ભાગ છે જે આપણે સમજી નથી શકતા. માણસની આદત છે કે બેજવાબ પ્રશ્નો કર્યા જ કરે. જેમણે ઈશ્વર નથી એમ માન્યું એ બધા સેક્યુલર બાજુ આવી ગયા અને એમાં બુદ્ધિને સાયન્સ સુધી રોકી લેવામાં આવી. ગણિતમાં સાબિત થાય એ જ સાચું આપણે એવું માનવા લાગ્યા. માનવજ્ઞાનને આપણે બે ભાગમાં વહેંચી દીધું. વળી, વિજ્ઞાન તો ન્યુટ્રલ. ગણિત આપણને કદી બતાવી ન શકે કે અહિંસા સારે કે ખરાબ ! આપણે નૈતિક વસ્તુને અલૌકિક વિભાગમાં નાખી દીધી જાણે એની વાત જ કરવાની ન હોય ! અમુક આંદોલન કરતા પક્ષોમાં વળી બીજા પ્રકારની અલૌકિકતા આવી ગઈ જેને હું નામ આપીશ 'ભવિષ્ય'; અને એ પણ પાછું સાધારણ નહિ, ઉજ્જ્વળ ભવિષ્ય. ભવિષ્ય એક પ્રકારનું દિગંત બની ગયું છે. એનો એ છેડો આપણે જેટલા આગળ વધીએ એટલો દૂર જતો જાય છે. આપણે આગળ વધીએ છીએ અને દિગંત પાછળ હટે છે. એ ભવિષ્યની હું વાત કરું છું જેને આપણે રાજનીતિમાં સ્થાન આપી દીધું છે. એના વડે આપણને બતાવવામાં આવે છે કે 'ધીરજ રાખો, દિગંત આવી રહ્યું છે.' ભવિષ્ય માટે આપણને એવું શીખવવામાં આવે છે કે એના માટે આપણે થોડા કુકર્મો કરવા પડશે પણ નિશ્ચિંત રહો એ પછી જાણે બધા પાપ ધોવાઈ જશે ! એ પહેલા પાપ માફ અને એ પછી પાપ થશે જ નહિ ! આ જાણે આપણે પોતાને બેવકૂફ બનાવવા નવો રસ્તો શોધી કાઢ્યો છે. આ ખોટા માર્ગો તમને બધે જ મળશે; એ પછી ભલેને વામપંથ હોય, રાષ્ટ્રવાદી હોય કે સામ્યવાદી.'

'આપણે વર્તમાનમાં જીવતા નથી. આપણા બધાની નજર જાણે એ 'ઉજ્જ્વળ ભવિષ્ય' તરફ રહેલી છે. અથવા તો આપણે અતિતને પૂજીએ છીએ. કોઈને કોઈ 'ગોલ્ડન એજ' શોધી કાઢીએ છીએ અને પછી એનાં ગાણાં ગાઈએ છીએ. વર્તમાન સમયને આદર આપતા નથી. બૅંગ્લોરમાં પબ કલ્ચરનો વિરોધ કરવો હોય તો તમે વાતચીત, વાદ-વિવાદથી કરો; પણ તમારે તો લોકોના હાડકાં જ તોડવા છે. દરેક બાબતમાં આવું થાય છે. કોઈ વાત સમાજમાં ખોટી હોય ત્યારે ખુલ્લી રીતે એની ચર્ચા કરો; પરંતુ આ તો ગુંડાઓ રોકીને જાત જાતની સેનાઓ રોકીને લોકોને મારપીટ કરવામાં આવે છે. હિંસાને દૂર કરવા માટે શું આવા ઉપાયો ? એટલે જ કહું છું કે આપણો કાળબોધ ખતમ થઈ ગયો છે. અંતમાં એટલું કહીશ કે વર્તમાનને સમજીશું તો ગાંધીજીની અહિંસાને બરાબર સમજી શકીશું.'

બીજી બેઠકના બીજા વક્તા શ્રી અમરભાઈ કન્વર વ્યવસાયે દિલ્હી સ્થિત ફિલ્મ નિર્માતા છે. તેમણે અનેક ડોક્યુમેન્ટરી ફિલ્મો બનાવી છે અને તેમની ઘણી ફિલ્મો આંતરાષ્ટ્રિય પ્રસિદ્ધિ પામી છે. તેમણે પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં કહ્યું કે 'સમયનો સૌથી નાનો હિસ્સો 'ક્ષણ' કહેવાય છે. આ ક્ષણમાં જિંદગી અને મૃત્યુ બંને છૂપાયેલા છે. જીવનનો અર્થ આ બે વચ્ચે રહેલો છે. ફિલ્મનો સૌથી નાનો હિસ્સો તસ્વીર છે અને તેમાં પણ જીવન અને મૃત્યુ રહેલા છે. આ બંનેમાં જો સમય નામનું તત્વ ઉમેરીએ તો અર્થ સમજાતો જાય છે. તસ્વીરોનો

સમૂહ એટલે ફિલ્મ. ફિલ્મમેકર તરીકે વિષયોની શોધખોળ હું કરતો રહું છું. મારું સમગ્ર ફિલ્મો બનાવવાનું કામ, ક્યારેક મને લાગે છે કે મેં અહિંસાને સમજવા માટે કર્યું. વળી, ક્યારેક મને એમ પણ લાગે છે કે મેં પ્રેમને સમજવા માટે કર્યું. આમ જુઓ તો અહિંસા અને પ્રેમ એક જ વસ્તુ છે.'

'મેં 1997માં અને 2007માં 'હિંસા'ના વિષય પર બે ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે જેમાંની પ્રથમ અંગ્રેજી ફિલ્મ 30 મિનિટની છે અને બીજી હિન્દી ફિલ્મ 2 કલાકની છે. આજે હું અહીંયા આપને પ્રથમ અંગ્રેજી ફિલ્મ બતાવીશ. આ બંને ફિલ્મો વચ્ચેનો ગાળો દસ વર્ષનો છે. આ ગાળાને ધ્યાનમાં રાખતા હિંસાના જુદા જુદા સ્વરૂપો વિશે મેં એક સૂચિ બનાવી છે એની આપને થોડી વાત કરું. 1984ની સાલમાં મને એમ હતું કે હું મોટો અમીર બની જાઉં. એ સમયે વર્ષના અંતભાગમાં કોમી રમખાણો થયા, હજારોની કત્લેઆમ થઈ. મને સવાલ થયો કે સરકાર હિંસાના પક્ષમાં કેવી રીતે હોઈ શકે ? બીજો પ્રશ્ન મને થયો કે મારી પાસે ઊભેલી પોલીસ પણ રક્ષણ કરવાની જગ્યાએ હિંસાના પક્ષમાં કેવી રીતે હોઈ શકે ? પૃથ્થકરણ કરતાં મને સમજાયું કે ટૂંકાગાળામાં લોકોને હિંસાથી પ્રસિદ્ધિ બહુ મળે છે એટલે સમાજમાં હિંસાનું પ્રમાણ ખૂબ વધે છે. ઘણા લોકોને મેં એવું કહેતા સાંભળ્યા કે હિંસા તો સ્વાભાવિક છે ! કેટલાક વળી એમ પણ માને છે કે તે જરૂરી છે. આવા બધા વાદો સમાજમાં ચાલે છે. બીજો એક એવો પણ મત છે કે વ્યાપક હિંસા જરૂરી છે ! એનાથી લાંબાગાળા સુધી શાંતિ રહે છે એવો ખોટો ખ્યાલ પણ સમાજમાં વ્યાપી રહ્યો છે. વળી, મને તો એમ પણ સાંભળવામાં મળ્યું કે જેની પર સતત હિંસા થઈ રહી હોય, જે પીડિત હોય એ પોતાના બચાવ માટે હિંસાનો ઉપયોગ કરે એ જરૂરી છે. જ્યારે હિંસા થાય ત્યારે એવો પણ મત ફેલાતો હોય છે કે ફલાણો ફલાણો પક્ષ જ હિંસા કરે છે અમે નથી કહેતા. કોઈક લોકો તો વળી અમુક સમયને પાગલપનનો ગાળો કહે છે. એટલે એ લોકો એમ માને છે કે સમય એવો આવી જાય એટલે હિંસા થઈ જાય ! જાણે કે આપણા હાથમાં કશું છે જ નહિ !'

'એકવાર ફરતા ફરતા હું આદિવાસી વિસ્તારમાં પહોંચ્યો. ત્યાં ચારેબાજુ પર્વતો અને જંગલોનો વિસ્તાર હતો. ત્યાંની નહેરોમાં જે પાણી વહેતું હતું એ પહાડોમાંથી આવતું હતું. ખાસિયત એ હતી કે એ પર્વતોમાં બોક્સાઈટ હતું. એકવાર આદિવાસીઓને ખબર પડી કે આ બધા મોટા પર્વતો સરકારે લીઝ પર મોટી કંપનીઓને વેચી દીધા છે અને સરકારનો હેતુ એલ્યુમિનિયમ મેળવવાનો છે. ત્યાં એક નિધન નામનો આદિવાસી રહેતો હતો. એણે મિત્રો સાથે મળીને વિદ્રોહ કર્યો. કંપનીઓને ઘૂસવા ના દીધી. મેં નિધનને એક સવાલ પૂછ્યો કે હિંદુસ્તાનને બોક્સાઈટની જરૂર છે, એલ્યુમિનિયમ બનાવવાનું છે અને રાષ્ટ્રની પ્રગતિ માટે એ છે. તો તમે આખા દેશની ભલાઈ માટે થઈને ચાર નાના ગામડાં કેમ પકડી રાખો છો ? આટલો વિદ્રોહ શું કામ કરો છો ?
એણે મને પૂછ્યું : 'આ મારા હાથમાં શું છે ?'
'ચપ્પુ' મેં કહ્યું
એણે મને કહ્યું : 'એનાથી ઘાસ પણ કપાય અને ગળું પણ કપાય. આ બંને ક્રિયાઓ થાય. તમારા સવાલનો જવાબ હું પછી આપીશ પહેલા મને મારા એ સવાલનો જવાબ આપો કે આ ઘાસ કાપવામાં અને ગળું કાપવામાં શું ફરક છે ?' – તો આ વાતને ધ્યાનમાં રાખીને મારો તમને એ પ્રશ્ન છે કે અહિંસાની બાબતમાં આપણે માનીએ છીએ તો પછી ફક્ત માણસ માણસને મારી નાખે ત્યારે જ એ લાગણી કેમ થાય છે ? માણસ જ્યારે જંગલ ખતમ કરે, પહાડો ખતમ કરે, લોકોના ગુજારાનું સાધન ખતમ કરે, ખેડૂતો આત્મહત્યા કરે ત્યારે કેમ આપણું રુવાડું નથી

ફરકતું ? શું તમે કદી વિચાર્યું છે ક નદીઓ વેચાઈ જાય ? પહાડ વેચાઈ જાય ? આ હિંસા આપણને કેમ દેખાતી નથી ? મારી પાસે ગુજરાતના અનેક ફોટોગ્રાફ છે; ક્યારેક બતાવવા કોશિશ કરીશ. એમાં એવા ફોટા છે કે નદીઓમાંથી બોટલ ભરો તો પાણીનો રંગ કાળો.... રાત્રે ટ્રકો ફરે એની પાછળ જઈને જુઓ તો ખ્યાલ આવે કે એ કેમિકલ ક્યાં નાખે છે. વાપી-અંકલેશ્વર બધે આવું ચાલે છે. આ પ્રકારની હિંસા તો આખા ભારતમાં બીજે ક્યાંય નથી. પ્રકૃતિ અને પર્યાવરણને નષ્ટ કરવાની જાણે સ્પર્ધા ચાલી રહી છે. કેવડી મોટી હિંસા ! અને પાછું આપણને એનો પશ્ચાતાપ પણ નથી !'

'છેલ્લે એક વાત મને કદી નથી સમજાતી તે મારે કહેવી છે. હિંસા આપણે ત્યાં વર્ષોથી છે અને અનેક હિંસાઓ આપણે જોઈ છે. પણ એ હિંસામાં જ્યારે એક પક્ષ સફળ થાય અને એનો વિજય ઉત્સવ ઉજવે – એ તો જરાય સમજાતું નથી. એનો અર્થ શું ? આ બાબતે વિચાર કરવો પડશે. એક ફિલ્મમેકરની દ્રષ્ટિએ મને લાગે છે કે હિંસાને સમજવું હોય તો દર્દને સમજવું પડશે. એ દર્દ હિંસા પછી છૂપાઈ જાય છે; દેખાતું નથી. એ દર્દને શોધવા માટે કેવી આંખો જોઈશે ? એ દર્દ એવું છે કે જેના માટે શબ્દો પણ નથી. એ જ્યારે આપણને મળશે ત્યારે આ હિંસાની વિરુદ્ધની ભાષા આપણને જડશે. નહીં તો, એક પ્રચાર કરવામાં આપણે બીજા પ્રચારની સામગ્રી બનાવતા રહીશું ! તો પ્રસ્તુત છે આ વિષય પર 30 મિનિટની અંગ્રેજી ફિલ્મ; જેનું શીર્ષક છે : A Season Outside.'

બીજી બેઠકના અંતે પ્રોજેક્ટર પર 'A Season Outside' ફિલ્મ બતાવવામાં આવી હતી. રાત્રે 8 થી 10 દરમ્યાન વિખ્યાત ગાયક, સ્વરકાર, કવિ, તુલસી-કબીર-વિવેકાનંદ જેવી એક-વ્યક્તિસંગીત નાટિકાના સર્જક શ્રી શેખર સેને સંગીતના સૂરે શ્રોતાઓને ડોલાવ્યા હતા. વિવિધ પ્રકારની ગઝલો, પદ, ભજનો અને ગીતોના મધુર સંગીતથી વાતાવરણ સ્વરે ગૂંજી ઊઠ્યું હતું.

### [ત્રીજો દિવસ : અંતિમ બેઠક]

છેલ્લા દિવસની અંતિમ બેઠકનો પ્રારંભ સવારે 9 કલાકે થયો હતો જેમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વક્તાઓ અને શ્રોતાઓએ 'સદભાવના પર્વ' સંબંધિત પોતાના પ્રતિભાવો આપ્યા હતા. શ્રીમતી દક્ષાબેન પટ્ટણી, આદરણીય શ્રી નારાયણભાઈ દેસાઈ, શ્રી ઉત્તમ પરમાર તેમજ સદભાવના ફોરમના સભ્યોએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા તેમજ આજના સમયને અનુલક્ષીને આ પ્રકારના પર્વોની જરૂરિયાત અંગે વાત કરી હતી. આભારવિધિ બાબતે શ્રી સંજયભાઈ એ જણાવ્યું હતું કે આપણને સૌને આ પ્રકારના પર્વોની ગરજ છે માટે કોઈનો વ્યક્તિગત આભાર ન માનતા સૌને સાદર વંદન કરું છું.

સમગ્ર પર્વના અંતિમ ચરણમાં પૂ.મોરારિબાપુએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવા માટે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. વાતના અનુસંધાનમાં તેમણે જણાવ્યું હતું કે : 'કોઈ પણ વ્યક્તિને એની નબળાઈઓ સહિત સ્વીકારવા તૈયાર થશો ત્યારે જ ગતિ કરી શકશો. જીવનમાં કોઈ ભૂલ થાય તો એને તુરંત સ્વીકારવી જોઈએ. ગાંધીજીએ તો કેટલી બધી ભૂલોનો સ્વીકાર કર્યો હતો. મારી અગાઉ બોલેલા ઉત્તમભાઈએ એક સૂચન કર્યું કે બાપુ આજે તમે જુદા પ્લેટફોર્મ પર બોલવા જઈ રહ્યા છો... હું સમજું છું કે ઉત્તમભાઈ કંઈ મને રામકથા છોડવાનું નથી

કહેતા; એ તો હું છોડી નહીં શકું પણ હું એટલું સ્પષ્ટ કહેવા ઈચ્છું છું કે હું જે વર્ષોથી કરું છું એનું માધ્યમ રામકથા છે. મારે કરવાનું તો આ જ છે. ભગવાન રામે પણ એ જ કર્યું છે. સૌથી પહેલી પદયાત્રા કોણે કરી ? રામે કરી. દશરથજી પાસે કંઈ નેનો ન હોય, પણ રથ તો હતો જ ! પણ છતાં ભગવાન એમાં બેઠા નહીં. એમને ખ્યાલ હતો કે મારે સમાજની કેટલીયે અહલ્યાના ઉદ્ધાર કરવાના છે, કેટલીય સંમૂઢ ચેતનાનું પ્રાગટ્ય કરવાનું છે. એ વખતે રામને લાગ્યું કે આટલી ટૂંકી યાત્રાથી જો આટલી ક્રાંતિ થઈ શકતી હોય તો મારે એવી કોઈ યોજના કરવી જોઈએ કે જેથી ચૌદ વરસની લાંબી પદયાત્રા કરી શકું અને રાક્ષસો, આદિવાસીઓ બધાને મળી શકું. તેથી, હું જે રામકથાનું માધ્યમ લઈને ફરું છું એ ગાંધીજીના શબ્દોમાં સાધનશુદ્ધ માધ્યમ છે. તેના દ્વારા આ જ કરવાનું છે. બધા પોતપોતાના સ્તરે કામ કરે છે. કદાચ મને એમ લાગે છે કે આપણા બધાનું લક્ષ્ય એક છે. મારું લક્ષ્ય કોઈને કંઠી પહેરાવવાનું નથી. તેથી હું વારંવાર કહું છું કે મારે બધા શ્રોતાઓ છે, શિષ્યો નથી. મેં જેની કંઠી બાંધી છે એટલે કે મારા સદગુરુ પાસેથી હું જે કંઈ શીખ્યો છું એને મારા જીવનમાં ચરિતાર્થ કરી શકું એટલું બસ છે. મારા દાદાએ મને જે વિચારો આપ્યા છે એ વિચારોની માળાનો મેર વિવેક છે. માળા ફેરવતા જેમ મેર આવે એટલે પાછા ફરી જઈએ તેમ વિવેકનું ઉલ્લંઘન ન થાય.'

સત્ય વિશે વાત કરતાં બાપુએ જણાવ્યું હતું કે : 'મને એ વાતનો આનંદ છે કે સમાજમાં સત્ય બોલનારા ઘણા છે પરંતુ સત્ય સ્વીકારનારા નથી. ઘણા લોકો એવા હોય છે કે જે વ્યક્તિગત સાધનામાં અસત્ય ક્યારેય ન બોલે; પણ તેમનામાં બીજાનું સત્ય સ્વીકારવાની હિંમત હોતી નથી. ત્યાં એમને દ્વેષ અને પૂર્વગ્રહો નડે છે. હકીકતે તો આપણે નાના બાળકમાંથી કોઈ સારી વાત શીખવા મળે તો એ સ્વીકારવાની પણ આપણી તૈયારી હોવી જોઈએ. મારી દીકરીની નાની દીકરીનું નામ શિવાની છે. એણે એકવાર શંકરભગવાનનો ફોટો જોઈને પૂછ્યું કે : 'મમ્મી, આ કોણ છે ?'

'એ શંકર ભગવાન છે.' મારી દીકરીએ જવાબ આપ્યો.

'તો માણસને બે આંખ હોય, એમને ત્રણ કેમ છે ?'

'એ તો બેટા, શિવજીને ત્રણ આંખ હોય.'

'આપણે તો એક આંખે જોઈ શકીએ, બે તો ઘણી છે તો પછી ત્રીજીનું શું કામ ?' બાળસહજ એણે પૂછ્યું.

'એ તો મહાદેવ છે ને એટલે એમને ત્રણ આંખ છે.'

'તો એ ત્રણેય ખોલે ?'

'ના…ના, બેટા, એ તો ક્યારેક એવું હોય ત્યારે જ ત્રીજી ખોલે.'

'તો એ ત્રીજી આંખ ખોલે તો શું નીકળે ?'

'એમાંથી ફાયર નીકળે, દીકરા..' એને એની ભાષામાં સમજાવ્યું.

ત્યાર પછી જે નાની દીકરીએ કહ્યું એને હું ગુરુમંત્ર માનીશ. એણે એમ કહ્યું : 'મા, હવે એ ત્રીજી આંખમાંથી ફાયરને બદલે ફ્લાવર ના નીકળે ?' જીવનમાં જ્યાંથી પ્રેરણા મળી હોય એને ભૂલવું ન જોઈએ. બાપ, એટલે જ દરવાજા ખુલ્લા રાખવા. હું જ્યારથી બોલું છું ત્યારથી કહું છું કે મારી કથા એ કોઈ ધાર્મિક સંમેલન નથી. ભગવાન રામે કર્યું એમ રામકથાનું શુદ્ધ સાધન લઈને હું ચાલી રહ્યો છું. મારા વિચારો સાથે કદાચ કોઈને તકલીફ હોઈ શકે અને બધાના વિચારોમાં હું હા-એ-હા કરું એમ ન પણ બને. એ વખતે હું તમને ન ગમું એવું

પણ બને; પરંતુ દરેક હાલતમાં સત્ય સ્વીકારવું રહ્યું. હું જ્યાં સુધી સમજું છું ત્યાં સુધી મેં મારા જીવનના દરવાજા ખુલ્લા રાખ્યા છે. વળી, આ તો વૈદિક પરંપરા છે કે દશેય દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ. આ સંદર્ભે એક વાત એ પણ કહું કે મારા મુસ્લિમભાઈઓ અહીં ગુરુકૂળમાં આવીને નમાજ પઢે એની મને મુશ્કેલી તો હોય જ નહીં પણ ઉલ્ટાનો મને એનો આનંદ હોય.'

'વ્યાસપીઠ પરથી 'હરિબોલ' સાથે 'અલીમૌલા..'ની ધૂન બોલાવું તો મુશ્કેલીઓ તો મનેય આવે પણ સદભાવનાથી કદમ ભરવા માટે સાહસ કરવું પડશે. આ 'સદભાવના' પર્વમાં સદ બધાનું એક જ છે પણ ભાવના બધાની અલગ અલગ છે. જવાનું છે આપણે 'સદ' સુધી. આ એક તપસ્યા છે. એની માટે સાહસ જોઈશે અને સાથે વિવેક જોઈશે. વિવેક વગરનું સાહસ પતનનું કારણ બની શકે. સાહસ અને વિવેક પછી નિર્ભયતા જોઈશે. આલોચનાઓ તો થવાની જ. લોકો મનેય કહેતા હતા કે બાપુ તમે પ્લેનમાં અને સ્ટીમરમાં કથા કરી હવે અગ્નિમાં કરો. મેં એમને જવાબ આપ્યો કે હું ચોવીસેય કલાક અગ્નિ પર જ કથા કરું છું. ટીકા એ અગ્નિ જ છે. લોકમાન્યતા જેવો મોટો અગ્નિ બીજો કોઈ નથી. પછી તો મેં રમૂજમાંય જવાબ આપેલો કે કથાનો નિયમ એવો છે કે મંડપ બીજા બાંધે, તૈયારી બીજા લોકો કરે અને શ્રોતાઓ પહેલા આવે અને પછી વક્તા આવે – તે તમે બધા આવીને ગોઠવાઈ જજો અને તમારામાંથી કોઈ બચશે તો પછી કથા કરીશ ! ઘણી વાર લોકો મને કહે કે અમુક જણ તમારી પાછળ પડી ગયા છે ત્યારે હું રમૂજમાં એનો અર્થ એવો કરું કે એક તો પાછળ છે અને પાછા પડી ગયા છે ! ઊભા ય નથી રહી શકતા ! એટલે હું કહું છું કે જ્યારે કોઈને પણ મારા નિવેદન વિશે કંઈ પણ ગેરસમજ થાય તો મને ફેસ-ટુ-ફેસ, આંખમાં આંખ નાખીને મારી સાથે વાત કરી લેવી.'

'તો આપણે વાત કરતા હતા – સાહસ, વિવેક અને નિર્ભયતાની. આ બધું જ કરવા માટે સાધનશુદ્ધિ જોઈએ. ગાંધીબાપુનો આ શબ્દ છે. હું તો એથીયે એક ડગલું આગળ વધીને કહીશ કે આપણો હેતુ શુદ્ધ હોવો જોઈએ. ઘણીવાર દુનિયાની દષ્ટિએ આપણું સાધન શુદ્ધ હોય પણ આપણો હેતુ શુદ્ધ નથી હોતો. અમારે અહીં ત્રણ દિવસ ધર્મસંવાદ હતો ત્યારે એક મેગેઝીનમાં છપાયું કે ત્રણ દિવસથી એક કૂતરું મરેલું પડેલું એ કોઈએ જોયું નહીં.... પણ અલ્યા ભાઈ, આ ટીકા કરવા કરતાં મને પહેલે દિવસે કહી દીધું હોત તો હું હાથે ખેંચીને નાખી આવત. અને તમેય જાગૃતિથી માણવા આવ્યા હોય તો તમારુંય એ કર્તવ્ય નહોતું ? શું આ પર્વો સંજયભાઈએ કહ્યું એમ આપણા બધાની ગરજ નથી ? એ કૂતરું જેણે આખો લેખ લખ્યો એણે હટાવી દીધું હોત તો હું એને બોલાવીને સૂતરની આંટી પહેરાવત. પણ આપણે એવું છે કે મરેલા કૂતરાં જ જોવા છે ! એની સામે કેટલું કામ થાય છે એ આપણે જોઈ શકતા નથી. એટલે હું એમ કહેતો હતો કે સાધન શુદ્ધ હોય પણ હેતુ શુદ્ધ ન હોય તો તકલીફ પડે.'

'હું માનું છું કે આ સદભાવના પર્વ એક દ્રવ્યયજ્ઞ છે. બે પથ્થરો સદીઓથી છૂટા હોય, પણ ભેગા કરો તો સેતુ બને. બે લોઢાના ટુકડા પીગળે, દ્રવિભૂત થાય તો જોડાઈ જાય. તેથી મને એમ લાગે છે કે આ દ્રવ્ય યજ્ઞ થયો છે. અહીં ફાધર છે, મૌલાના છે – બધા ભેગા થયા છે. આપણા હૃદય ચોક્કસ દ્રવ્યા છે. આ પીગળવાનો યજ્ઞ છે. મને લાગે છે કે આ પણ એક તપ છે. બીજી એક વાત હું એ કહીશ કે કોઈ પણ સેવાનું ક્ષેત્ર ભજન વગર સિદ્ધ નહીં થાય. ભજન એટલે પ્રાર્થના. હું માળા લઈને બેસી જવાનું કહેતો નથી. ઉપનિષદોએ કહ્યું કે સ્વધ્યાયમાં પ્રમાદી ન બનો. અહીં બધાએ નિર્ભિક થઈને આરપાર ચર્ચાઓ કરી, તેથી એક અર્થમાં એ એક સ્વધ્યાય થયો.

આપ સૌએ આવીને આ ભૂમિને પાવન કરી. આશીર્વાદ તો હું શું આપું ? એ આપવાની મારી શક્તિ નથી. મારી શુભકામના અને પ્રસન્નતા જરૂર વ્યક્ત કરું છું. આ ગુરુકૂળનો આવો સદઉપયોગ થયો એ માટે મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું.'

'અંતમાં એટલું કહીશ કે અહિંસાનો જન્મ કરુણા વગર નહીં થાય. અહિંસા કરુણાની કૂખે જન્મશે. ધર્મસંકટ આવે તો પણ અસત્યનો આશ્રય ન કરવો. સત્ય સત્ય જ રહેવું જોઈએ. સત્યનો કોઈ વિકલ્પ ન હોય. કરુણાનો પણ એ જ રીતે કોઈ વિકલ્પ ન હોય. અહિંસાનો પણ કોઈ વિકલ્પ ન હોય. પ્રેમ વગર ત્યાગનો જન્મ નહીં થાય, સત્ય વગર કોઈ દિવસ અભયનો જન્મ નહીં થાય. છેલ્લે રાજેન્દ્ર શુક્લની વાત કહી પૂરું કરું….'

*વિદાય કોઈને નહીં,*
*નિષેધ કોઈનો નહીં*
*હું શુદ્ધ આવકાર છું,*
*હું સર્વનો સમાસ છું…..*

આ ગુરુકૂળ આપ સૌનું છે તેથી હું ખરેખર હૃદયપૂર્વક કહું છું કે વારંવાર અહીં આવતા રહેજો. અને છેલ્લે…

*सितारो को आंखो में महेफ़ूझ रखना*
*बहोत देर तक रात ही रात होगी*
*मुसाफ़िर हे हम भी, मुसाफिर हो तुमभी*
*ईसी मोड पर फ़िर मुलाकात होगी.*

આ પર્વમાં દરેક વક્તાઓના વક્તવ્ય બાદ ચર્ચાનો અવકાશ રાખવામાં આવ્યો હતો. આ સત્ર સાથે સર્વધર્મ પ્રાર્થના અને મધુર ગીતો પણ માણવાનો સુંદર અવસર પ્રાપ્ત થયો હતો. કૈલાસ ગુરુકૂળ ખાતેના હૉલમાં જાણીતા ચિત્રકાર શ્રી સવજી છાયા (દ્વારકા)ના ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ રીતે સમગ્ર પર્વની મંગલમય વાતાવરણમાં સમાપ્તિ થઈ હતી.

### [1] સદભાવના ફોરમના સભ્યો

તુલા-સંજય
સત્યકામ જોષી
ગૌરાંગ દીવેટીઆ
મહંમદ શફી મદની
ફાધર વિલિયમ
ડંકેશ-ભારતી

### [2] સદભાવના પર્વની ડી.વી.ડી પ્રાપ્તિ સ્થાન :

સંગીતની દુનિયા પરિવાર, c/o નિલેશ સંગીત ભવન, નાગરીક બેન્ક પાસે, મહુવા-364290. ગુજરાત. ભારત.
ફોન : +91 2844 222864.

**[3] સદભાવના ફોરમની આગામી પ્રવૃત્તિઓ વિશે જાણવા માટે :**

શ્રી ડંકેશભાઈ ઓઝા,
103, ઑમ એવન્યૂ, દિવાળીપુરા, વડોદરા-395007.
ફોન : +91 265 2350138. મોબાઈલ : 9725028274.